સહજ-સત્સંગ

અંક : ૨૬૦ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા ઑગસ્ટ - ૨૦૧૦

કલ્કિ અવતાર

મા મિરાંબિકા

શરણાર્થી - સંકટ વિમોચિનિ, બાલ-ઇચ્છા સંપૂરિણિ ।
આશ્રિત-જન - સુસંવર્ધિનિ, દર્શનાર્થી-માનસ સુશોધિનિ ॥

પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૧૫ જૂન ૧૯૧૪)

''મારા હૃદયમાં લપાઈને બેસી જા અને તારી જાતને રિબાવીશ મા. જે કાંઈ કરવાનું છે તે કરવામાં આવશે અને તું જ્યારે એને વિષે કાંઈ જાણ્યા વિના એ કરે છે ત્યારે જ તે સારામાં સારું થતું હોય છે.''

હું તારા હૃદયમાં છું,..... એ હૃદયના પરમાનંદની સ્મિતભરેલી શાંતિમાં રહી, હું તારા આવિર્ભાવનાં સર્વ બાહ્ય રૂપોને નિહાળી રહું છું અને તને વધુ સારી રીતે આવિર્ભાવ આપવા માટે હું ઝૂઝી રહું છું, મથી રહી છું....

તારા સાક્ષાત્કારનાં નવાં રૂપો માટેનો સમય, તું મને જણાવે છે તે મુજબ, જો આવી ગયો છે, તો એ રૂપોએ અવશ્ય જન્મ લેવો જ જોઈએ.....

જે કોઈ તારા વિષે સભાન રહેલું છે અને તારી શક્તિની અંદર વસી રહેલું છે તે તો જાણે છે કે આ નવું રૂપ તો તારા આવિર્ભાવની અનંત ગતિરૂપતામાં માત્ર એક અલ્પ અણુ જેટલી જ પ્રગતિ છે......

અનુક્રમણિકા

શીર્ષક	પૃષ્ઠ	શીર્ષક	પૃષ્ઠ
પ્રાર્થનાઓ અને ધ્યાન (સમય પાકી ગયો છે)	૧	**ભારતીય સંસ્કૃતિના પાયા** (રાજતંત્રનો પાયો : ધર્મ)	૨૪
દૈનિક જીવનમાં યોગસાધના (૪) (વાણીનો ઉપયોગ)	૪	**યોગમાર્ગોનો સમન્વય** (યોગની પ્રણાલિઓ)	૨૯
માતૃવાણી (રૂપાંતરમાં પાયાની ક્રાંતિ)	૮	**આગામી-ભાવિ** (પ્રભુનાં અબુધ બાળકો)	૩૩
ગીતાનિબંધો (સ્વભાવ અને સ્વધર્મ)	૧૦	**સુંદર કથાઓ** (ધર્મની મર્યાદાઓ)	૩૪
માનવવિકાસ ચક્ર (સંસ્કારિતા અને બર્બરતા)	૧૪	**ઉપનિષદોનું અમૃત** (યાજ્ઞવલ્ક્યનું બ્રહ્મજ્ઞાન)	૩૫
સાવિત્રી (યુદ્ધક્ષેત્રે પ્રવેશ)	૧૬	**વેદવિજ્ઞાન** (વૈશ્વદેવ યજ્ઞ-૨)	૩૭
યોગ વિષે પત્રો (મનોમય પુરુષ અને ચૈત્યપુરુષનો તફાવત)	૨૦	**સર્વાંગી આરોગ્ય** (રોગ નિવારણ પદ્ધતિ)	૪૦
		છ શબ્દો	૪૪
		કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર	

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

સહજ-સત્સંગ
અંક : ૨૬૦ વર્ષ : ૨૨
ઑગસ્ટ - ૨૦૧૦

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
મો. ૯૮૨૪૩૭૩૯૨૯

સંપાદન સહાયક મંડળ :
હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.
કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ, એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી
'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ' - ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

સમય પાકી ગયો છે

સમજૂતી - માનસિંહ ચાવડા

માનવ ઉપર કોઈ જવાબદારી આવી પડે તો તે આકુળવ્યાકુળ થઈને વ્યગ્રતા અનુભવતો હોય છે. આયોજન કરવાની, સાધન-સામગ્રી ભેગી કરવાની ચિંતામાં ગૂંચવાઈ જાય છે પણ પ્રભુના કાર્યમાં આ માનવી પદ્ધતિ તદ્દન નિષ્ફળ જાય છે. વ્યગ્રતા, ઉતાવળ, ચિંતા આ મનને અશાંત કરી મૂકે છે અને અશાંત મનમાં પ્રભુ પોતાની દિવ્ય-શક્તિઓ રેડતાં નથી. પોતાનું આયોજન પ્રગટ કરતાં નથી. માતાજીને આ વાસ્તવિકતાની જાણ છે, તેથી પ્રભુ પોતે જ જાણે તેમને જણાવી રહ્યાં છે એવો ભાવ તેમનામાં જન્મે છે. માતાજીને જાણે તે પ્રશાંતિમાં, પ્રભુની હાજરીમાં જ રહેવા કહે છે. પ્રભુની હાજરી એ જ પ્રભુનું હૃદય છે. તેમાં જ રહેવાનો આદેશ માતાજીને જાણે આપવામાં આવે છે. માનસિક આયોજનો ન કરવાનું પ્રભુ જણાવે છે, જે પ્રસંગે જે આંતર પ્રેરણાથી જણાવવામાં આવશે તે મુજબ શ્રદ્ધાથી આગળ વધવાનું જ ધોરણ સ્વીકારવાનું કહે છે. આવી શ્રદ્ધા-અવસ્થામાં જ, કોઈપણ આયોજન વગરની સહજતામાં જ, પ્રભુનું કાર્ય પૂર્ણ રીતે, શુદ્ધ રીતે અસ્ખલિત રીતે થતું હોય છે.

માતાજી તે મુજબ પ્રભુની હાજરીમાં જ પોતાની ચેતનાને તરબોળ કરતાં રહે છે. તે વખતે માતાજીની ચેતના હૃદયમાં ઊંડે ઊંડે ઊતરી ગએલી જણાય છે. બાહ્ય વ્યવહાર કોઈ ઉપરી સપાટી ઉપર થતો લાગે છે અને તેનું સંચાલન પ્રભુ પોતે માતાજીના હૃદયમાં બેસી કરી રહ્યાં છે એવું માતાજીને લાગે છે. તે સમગ્ર પ્રક્રિયા વિનાવરોધે પાર પડે તેથી માતાજી પોતાની ચેતના જરા પણ વિચલિત ન થાય, મનોમય ચેતનામાં સરી ન પડે માટે સતત દક્ષતા રાખી રહ્યાં છે.

આ પ્રકારની પ્રક્રિયાને કારણે માતાજીને પોતાની પ્રકૃતિમાં આમૂલાગ્ર પરિવર્તન થતું, રૂપાંતર થતું લાગે છે. પ્રકૃતિ જે મનના હુકમો પાળી તેની તાબેદાર રહેતી હતી તે હવે આંતરપ્રેરણાને અનુસરવા લાગી છે. માતાજીએ આ ઘટનાને અન્યત્ર transfer of Power તરીકે જણાવેલ છે.

પ્રભુના સંકલ્પાનુસાર પ્રકૃતિનો કાર્યકલાપ ચાલતો હોવાથી પ્રભુને હવે પોતાના આયોજન અનુસાર અવનવા રૂપો ઘડવાનો મોકો મળે છે. આવો સમય પાકી ગયો છે

(પૃ.૩૨ ઉપર)

દૈનિક જીવનમાં યોગ (૪)

- જ્યોતિબેન થાનકી

(વાણીનો ઉપયોગ)

વાણી એ તો પ્રભુએ માનવજાતિને આપેલી અદ્‌ભુત બક્ષિસ છે. પ્રત્યેક પ્રાણી અવાજ કરી શકે છે, પણ અર્થવાળા શબ્દોનું ઉચ્ચારણ તો માત્ર આપણે મનુષ્યો જ કરી શકીએ છીએ. વાણી એ એક શક્તિ છે. બાહ્ય વ્યવહારનું તે એક અદ્‌ભુત સાધન છે. મનુષ્યના આંતરજીવનનું એ પ્રતિબિંબ પાડે છે. માણસની વાણી ઉપરથી તેના જાતિ - કુળનું પ્રમાણ તો મળે જ છે પણ એની ભીતર ચાલી રહેલા મનોવ્યાપારો અને તેની પ્રકૃતિની જાણ પણ વાણી દ્વારા થાય છે. વાણીની આ અદ્‌ભુત શક્તિનો ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ, એ વિષે શ્રી માતાજીએ બાળકો સાથેના વાર્તાલાપોમાં ઘણું ઘણું માર્ગદર્શન આપ્યું છે, તે વિષે આપણે જોઈએ :

વ્યવહારમાં વાણીનો થતો ઉપયોગ :

જે જે મૂલ્યવાન વસ્તુઓ આપણને ખૂબ જ સરળતાથી મળે છે એની આપણને કિંમત હોતી નથી. વાણીની શક્તિનું પણ એવું જ છે. ખૂબ જ સરળતાથી મળેલી આ બક્ષિસને આપણે વેડફી રહ્યાં છીએ. વ્યવહારમાં તેનો ભારે દુરુપયોગ થતો જોવા મળે છે. અર્થવાળા સુંદર શબ્દોને આપણે ઘોંઘાટમાં પલટાવી નાંખ્યા છે. ચારેબાજુ ભયંકર કોલાહલ, ઘોંઘાટ, વ્યર્થપ્રલાપો, બકવાસો, શબ્દયુદ્ધો, ચર્ચાઓ બધું એટલું સઘનપણે વ્યાપેલું છે કે આપણી વાણીના ઘોંઘાટથી આપણે સંવાદભરી શાંતિ અને નીરવતાના સુંદર જગતને વિકૃત કરી નાંખ્યું છે. શ્રી માતાજી કહે છે કે ''માનવવાણીના ઘોંઘાટથી જગતના કાન બહેરા બની ગયા છે અને કેટલીક વાર તો તમને એમ જ લાગે કે વનસ્પતિ જગતની જે સંવાદભરી નીરવતા છે તે માનવીની દુનિયામાંથી ચાલી ગઈ છે.''

વાણીથી ઊભી થતી ગેરસમજૂતી :

આપણા રોજબરોજના જીવનમાં આપણે ઘણીવાર એવું અનુભવીએ છીએ કે આપણે બોલીએ છીએ, તે સાંભળનાર જુદી જ રીતે સાંભળે છે ! તેમાંથી વૈમનસ્ય, મતભેદ, વિખવાદ સર્જાય છે. આપણે સ્પષ્ટ રીતે જ કહ્યું હોય, પણ સાંભળનાર વ્યક્તિના મનમાં એનું અર્થઘટન જુદી રીતે જ થાય છે અને તેને ખોટું સમજતાં વિખવાદ ઊભા થઈ જાય છે. આવી પરિસ્થિતિ અનેકવાર સર્જાતી રહે છે. ઘણી

વખત સામૂહિક જીવનમાં બોલબોલ પણ કરવું પડતું હોય છે. તો આવા સંજોગોમાં શું કરવું જોઈએ ? આ સંદર્ભમાં શ્રીમાતાજી કહે છે કે, ''તમે બીજાઓની સાથે રહેતા હો ત્યારે જો તમે બોલીબોલીને તમારી જાતને બહાર ફેંકવાની ટેવ ન પાડી હોય તો ધીમે ધીમે તમને એક એવો અનુભવ થશે કે તમારી અને બીજાંઓની વચ્ચે એક પ્રકારની આંતરિક સમજૂતી સ્થપાતી જાય છે અને પછી તો તમે બીજાંઓની સાથે ઓછામાં ઓછા શબ્દોથી અથવા મૌનથી જ વ્યવહાર કરી શકશો અને આ બાહ્ય મૌન આંતરિક શાંતિને માટે ઘણું અનુકૂળ છે.'' જે માણસો વધુ પડતું બોલબોલ કરતા હોય છે, તેમની શક્તિ બહાર ફેંકાતી રહે છે. પછી એ શક્તિમાં સામર્થ્ય રહેતું નથી. પરંતુ જે લોકો બહુ જ ઓછું બોલતા હોય છે - તેમની વાણીનો પ્રભાવ જ એવો હોય છે કે તેઓ જે કહેવા ઇચ્છે છે, તે જ રીતે સામી વ્યક્તિ એ શબ્દોને સ્વીકારી લે છે. પરંતુ ફાવે તેમ પ્રલાપો કરનારની વાણીની અભિવ્યક્તિમાં એ બનતું નથી. આથી વાણી દ્વારા સર્જાતી ગેરસમજૂતી ટાળવા માટે મૌનની - વાણીની સાધના કરવી જોઈએ.

બીજાઓ વિષેની વાતચીત :

આપણે સમાજમાં રહીએ છીએ, પરિવાર, ઑફિસ, સામાજિક સંસ્થાઓ, વગેરે સાથે વ્યક્તિ સંકળાયેલી હોય છે. અનેક પ્રકારના મનુષ્યો સાથે કામ કરવાનું હોય છે. આથી મનુષ્યોની વાતચીતનો મોટોભાગ બીજાંઓ વિષેનો બની રહે છે. બીજાં લોકોનાં કાર્યો, એમની વર્તણૂક, એમનો સ્વભાવ, વગેરેની વાતો થતી જ રહે છે. ખાસ કરીને વ્યક્તિની ગેરહાજરીમાં થતી એની આલોચના એ બધાંના રસનો વિષય બની રહે છે. આ વિષે શ્રી માતાજી કહે છે, ''બીજાઓ વિષે માણસ જે કંઈ કહે તે બધું વાચાળતા જ છે. એક પ્રકારની ઘણી જ અનિષ્ટ વાચાળતા છે. સામાન્ય રીતે તેમ જ કોઈપણ સંજોગોમાં માણસ બીજાંઓ વિષે જેમ ઓછું બોલે પછી ભલે તે માણસોના વખાણરૂપે બોલાતું હોય તો પણ વધારે સારું છે. કેમ કે, પોતાની અંદર શું બને છે, તે પણ જાણવું અઘરું છે, તો પછી બીજાંઓની અંદર શું ચાલી રહ્યું છે; તે કેવી રીતે જાણી શકાય ? એટલે તમારે કોઈપણ વ્યક્તિને માટે અફર એવો ચુકાદો આપવો ન જોઈએ. ભલે એ ચુકાદામાં દ્વેષનું તત્ત્વ ન હોય તો પણ મૂર્ખતા તો હોઈ જ શકે છે.''

આ ઉપરાંત બીજાંઓની ટીકા કરવામાં પણ મનુષ્યને ખૂબ રસ પડતો હોય છે, પરંતુ આ નિંદારસ મનુષ્યને પોતાને એની ચેતનાના સ્તરમાંથી નીચે ઉતારી દે છે. આથી અન્યની ટીકા વ્યાજબી હોય તો પણ વ્યક્તિએ તે કરવી જોઈએ નહીં. શ્રી અરવિન્દ કહે છે કે સામાન્ય મનમાં રહીને બીજાંઓ વિષે વાતો અને ટીકા નહીં કરવાની બાબતમાં મનુષ્યે કડક વલણ દાખવવું જોઈએ.'' બીજાંઓની ગપસપ કે ટીકામાં ક્યારેય જોડાવું ન જોઈએ, કારણકે એ વસ્તુઓ કોઈપણ રીતે સહાય કરતી

નથી. માત્ર ચેતનાને ઉચ્ચ ભૂમિકાએથી નીચે ઉતારી દે છે.

જાહેર વાર્તાલાપોમાં ઊભા થતા મતભેદો :

ઘણીવાર જાહેર વાર્તાલાપોમાં કોઈપણ બાબતનો નિર્ણય લેવા માટે માણસો એકત્ર થતાં હોય છે. સભાઓમાં કે મંડળોમાં થતી ચર્ચાઓમાં નિર્ણય લેવાનો હોય ત્યારે એટલા બધા અભિપ્રાયો હોય છે કે ભાગ્યે જ સહમતિ સધાય. આ સંદર્ભમાં શ્રી માતાજી કહે છે કે ''એનો અર્થ એ છે કે તમે મુલાયમ નથી. જો કોઈ તમને કહે અને તમને ન સમજાય તો તમારે એમ ન કહેવું જોઈએ કે તે સાવ મૂરખ છે અને તેને કંઈ ખબર પડતી નથી. પરંતુ તમારે તેને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.'' એક જ પ્રશ્નને અનેક દૃષ્ટિબિંદુથી જોઈ શકાય છે. બધાં જ દૃષ્ટિબિન્દુઓને એક પછી એક લઈને જોવાં જોઈએ અને તમારી જાતને એ બધાંથી ઉપર ઊઠાવીને આ બધાં કેવી રીતે મેળમાં છે, એ જોવું જોઈએ. જો તમે આમ કરી શકો તો તમે સઘળા મતભેદો અને વૈમનસ્યોથી ઉપર જઈ શકશો.''

વાર્તાલાપો માટેની આદર્શ સ્થિતિ કઈ હોઈ શકે ?

આ વિષે શ્રી માતાજી કહે છે કે, ''વાર્તલાપો માટેની આદર્શ સ્થિતિ તો એ ગણી શકાય કે જેમાં બધાંનાં ચિત્ર પરસ્પર એટલા બધાં સંવાદમાં હોય કે શબ્દો તો માત્ર તમારા અંતરમાં આપોઆપ પ્રગટી આવતી સમજૂતીને વ્યક્ત કરવાના માધ્યમ રૂપ બની રહે અને પછી તમારે તમારા શબ્દોનો ડગલે ને પગલે ખુલાસો આપવાનો રહેતો નથી.''

ગપ્પાં મારવા એટલે વાણીનો નર્યો દુર્વ્યય :

સામાન્ય રીતે માણસોને ગપ્પાં મારવામાં, અને એ રીતે હળવાં થવામાં મઝા આવતી હોય છે. પણ ખરેખર તો આ ગપ્પાં મારવાથી શક્તિનો એટલો બધો દુર્વ્યય થતો હોય છે કે દરેક માણસ થોડાક અપવાદ સિવાય, આ ગપ્પાં મારવાની કસરત રસપૂર્વક કરતો રહે છે. જે વસ્તુઓ વિષે મૂંગા રહેવાની જરૂર હોય છે, ત્યાં તે બોલતો રહે છે, અને તે એટલું સ્વાભાવિક રીતે કે એમાં એને કંઈ ખોટું કરતો હોય, એવું તેને લાગતું નથી. આ સ્થિતિમાં માણસની ચેતના નીચે સરી પડતી હોય છે અને ઘણીવાર તો તેના માટે માથાનો દુઃખાવો, જઠરમાં ઉથલપાથલ અને તાવ પણ આને લઈને આવી જતાં હોય છે. આથી જેમને ઉપર ઊઠવું છે, પોતાની ચેતનાને ઊંચે લઈ જવી છે; તેમણે તો બહારની આવી વસ્તુઓ પ્રત્યે નજર પણ ન નાંખવી જોઈએ. તમારા મનને બિલકુલ નીચે ડૂબવા ન દેવું જોઈએ. ગપ્પાંની ક્રિયા તમારા મનને સાવ નીચે ઘસડી જાય છે.''

જીભ ઉપર નિયંત્રણ કેમ રહી શકાતું નથી ?

ઘણી વખત એવું બને છે કે બોલવું હોય છે કંઈક અને બોલાય જાય છે કંઈક. એવું કેમ થતું હશે ? શ્રી માતાજી કહે છે કે ''જીભ ઉપર કાબૂ હોતો નથી. જીભ ઉપર જો વિચારોનો કાબૂ હોય તો ઘણી મૂર્ખાઈઓ અટકાવી શકાય છે. પણ કાબૂ ન હોવાથી અંદરથી ઉછાળો આવે તે પ્રમાણે અર્થ વગરનું બોલી દેવાતું હોય છે. જાણે કોઈ યંત્ર બોલતું હોય તેમ લાગે છે. યંત્ર તો બોલવાની મઝાને ખાતર બોલતું હોય છે. એમ જ કાબૂ વગર જીભ પણ બોલ્યે જ રાખતી હોય છે. તે ખરેખર અર્થહીન છે પણ આ સતત ચાલ્યા જ કરે છે. ભાગ્યે જ એવા માણસો હશે જે આનો ભોગ નહીં બન્યા હોય. મોટે ભાગે લોકો જાતજાતની વસ્તુ બોલી નાંખતા હોય છે અને પછી કહે છે કે આવું બધું મેં શા માટે કર્યું ? પણ તેઓ જાણતા હોતા નથી.

આ એક માનસિક વિકૃતિ છે. એમાં સંકલ્પ-શક્તિનો બિલકુલ ઉપયોગ હોતો નથી. ફક્ત માનસિક ક્રિયાઓ છે. મનની રચનાઓ છે. માનસિક શક્તિ આખો દિવસ ગતિ કર્યા કરતી હોય છે. આવજા કર્યા કરે છે, ''જેમ પિંજરામાં ખિસકોલી કશા જ ખ્યાલ વગર ગોળગોળ દોડે તેના જેવું.''

આ સંદર્ભમાં શ્રી અરવિન્દ પણ કહે છે : ''વાણી પોતાના ઉપર મનનો કાબૂ આવે તેની રાહ જોવાની પરવા કર્યા વગર પ્રાણ અને તેની ટેવોને વ્યક્ત કરતી બહાર ધસી આવે છે. જીભના ઉચ્છ્રૃંખલ ઈન્દ્રિય ઉપર કાબૂ રાખવો અત્યંત જરૂરી બને છે.'' આ માટે શું કરવું જોઈએ તે સમજાવતા શ્રી માતાજી કહે છે કે, ''આથી જ્યારે તમે લોકોની સાથે વાત કરતા હો, ત્યારે તમારી આસપાસ હંમેશા કાળજીપૂર્વક પ્રભુનું જીવંત સાંનિધ્ય અને રક્ષણ રાખો અને બને તેટલું ઓછું બોલો !''

''અને તમે કંઈપણ બોલો, તમારા મોઢામાંથી શબ્દ બહાર આવે તે પહેલાં ક્ષણ માટે એકાગ્ર થઈને, તમે જે કંઈ બોલાવાના હો, તે શબ્દની જરા તપાસ કરી લેશો. તમારા ધ્યેયની સિદ્ધિ માટે જરૂરી હોય, તમારી પ્રગતિને કોઈ રીતે નુકસાનકારક ન હોય, એટલા જ શબ્દો તમે બહાર આવવા દેશો.''

વાણી ઉપર કાબૂ રાખવા માટે આપણે જાગૃત રહેવું જોઈએ, મુખમાંથી નીકળતો પ્રત્યેક શબ્દ સભાનતામાંથી આવવો જોઈએ. બિલકુલ મૌન રાખવું, એના કરતાં વાણી ઉપર કાબૂ મેળવવો એ વધારે કઠિન છે. પણ આ કઠિન તપસ્યા દ્વારા આપણી ચેતનાનો વિકાસ સાધી શકાય છે. વાણી મંત્રશક્તિ સમી પ્રભાવક બને છે અને પછી ઓછામાં ઓછા શબ્દો દ્વારા કાર્યો સિદ્ધ થઈ શકે છે.

માતૃવાણી

- શ્રી માતાજી

રૂપાંતરમાં પાયાની ક્રાંતિ

અવતરણો

(માતૃવાણી - ૪, પૃ.૨૨-૨૫)

૧ આપણે તો એક પૂર્ણ રૂપાંતર માગીએ છીએ, શરીરનું તેમ જ તેની સર્વ પ્રવૃત્તિઓનું. પૃ.૨૨

૨ આ રૂપાંતરનો આરંભ..... ગ્રહણશીલતાથી થાય છે. પૃ.૨૩

૩ આ વસ્તુ ''પાયાની અવસ્થાની ક્રાંતિ'' જેવી બની જાય છે.

૪ મને એમ લાગેલું કે મારા બધા વિચારો અને બધી ક્રિયાઓ તે જાણે કે મારા માથાની પાસે ઊભા રહીને જોયા કરતી કોઈ વસ્તુ કે વ્યક્તિ દ્વારા દોરવાઈ રહ્યાં છે. પૃ.૨૪

૫ આમાં તો મન ઊર્ધ્વ ચેતના પ્રત્યે ખુલ્લું બનેલું હતું. પૃ.૨૪

૬ હું જ્યારે શ્રી અરવિન્દ સમક્ષ ઊભો હતો ત્યારે મને એક તીવ્ર વેદના થઈ આવેલી....શ્રી અરવિન્દને પ્રાર્થના કરી કે મને કાંઈક આપો..... એ વેદના તીવ્ર આનંદરૂપે બદલાઈ ગઈ.પૃ.૨૪

૭ એ તમારા ચૈત્યપુરુષ સાથેનો સંપર્ક હતો. પૃ.૨૪

૮ મને ઘણીવાર એવું થાય છે કે..... જ્યાં બધા પ્રશ્નો અદૃશ્ય થઈ જાય છે..... ત્યાં એક જ્ઞાનમાંથી બીજા જ્ઞાનમાં ગતિ થતી હોય એમ લાગે છે. પૃ.૨૪

૯ તમારું આંતર સ્વરૂપ ચૈત્યકેન્દ્રમાં રહેતી પ્રભુની દિવ્ય હાજરી પ્રત્યે ખુલ્લું બનેલું છે.

૧૦ તમે અંદરમાં જે જોતા હો છો તેના એક થોડાઘણાં વિકૃત સ્વરૂપ જેવું જ બની રહે છે. પૃ.૨૫

સમજૂતી - માનસિંહ ચાવડા

માતાજી ઑગસ્ટ ૧૯૫૦ના બુલેટિનમાંના ''રૂપાંતર''ના લેખનાં અંશો વાંચે છે :

''આપણે તો એક પૂર્ણ રૂપાંતર માંગીએ છીએ - શરીરનું તેમ જ તેની સર્વ પ્રવૃત્તિઓનું''

પહેલા આપણે આંતરિક ચેતનાના રૂપાંતરને જ પૂર્ણ રૂપાંતર ગણતા હતા. ચૈત્યપુરુષને પ્રાપ્ત કરવાને જ મહત્ત્વ આપતા હતાં. શરીર અને તેની પ્રવૃત્તિને ભારરૂપ

ગણી તેની તરફ દુર્લક્ષ્ય કરતાં હતાં. શ્રી અરવિન્દે જણાવ્યું કે સ્થૂળ જગત પણ રૂપાંતરનું ક્ષેત્ર છે. તેની દ્વારા પણ ચૈત્યપુરુષ પ્રગટ થવો જરૂરી છે.

બધાંને લાગેલું કે શરીરનું રૂપાંતર અંદરના રૂપાંતર વગર પણ થઈ જશે. પણ આ તેમનો ભ્રમ હતો. શરીરનું રૂપાંતર એ રૂપાંતરની પ્રક્રિયાનો અંતિમ તબક્કો છે. ફળ જેમ અંદરથી પાકતું પાકતું અંતે બહારની છાલ ઉપર પણ પરિણામ કરે તેવું જ શરીર બાબતમાં પણ છે. તેના રૂપાંતર પહેલા આંતરિક રૂપાંતરની અપેક્ષા છે.

રૂપાંતર માટે ગ્રહણશીલ થવું પડે છે. આપણા સ્વરૂપનાં તત્ત્વોને ચૈત્યપુરુષની પ્રેરણાઓ પ્રત્યે ગ્રહણશીલ કરવા પડે છે. તે પછી ચેતનાનું પરિવર્તન થવા માંડે છે. ચેતના પૂરેપૂરી પરિવર્તન ન પામે ત્યાં સુધી પ્રગટ થતી નથી.

મરઘીના ઈંડામાંના બચ્ચાની જેમ, અચાનક તમે વ્યક્તિ-ચેતનાનું કોચલું ફોડી વૈશ્વિક-ચેતનામાં પ્રવેશો છો. એક અસીમતા અનુભવો છો. આને માતાજી ''પાયાના અવસ્થાની ક્રાંતિ'' કહે છે. તમે ત્રિમિતિ પરિમાણમાંથી ચતુર્થ પરિમાણમાં જાણે પ્રવેશી જાઓ છો. આ આમૂલાગ્ર પરિવર્તન હોય છે.

તમારા પૈકી આવો અનુભવ કોઈએ લીધો છે?

ક્ષઃ, ''માતાજી મને આવો અનુભવ છે. તે દિવસ હૃદયમાં દર્દ રહ્યું. બીજે દિવસે પથારીમાંથી ઊઠ્યો ત્યારે ધ્યાનમાંથી બહાર આવતો હોઉં એવો અનુભવ આવ્યો. પહેલા દિવસે હું મસ્તકના ઉપરથી બધું જોતો હોઉં, જીવતો હોઉં એવું લાગેલું.''

''દર્દ કયા પ્રકારનું હતું? દબાણ જેવું? ચિરાતું હોય તેવું? ખેંચાણ જેવું?''

''એવું મને રાત્રી દરમિયાન લાગેલું. બીજે દિવસે સવારે તે ચાલ્યું ગએલું.''

''બેટા, આમાં સામાન્ય મનોમય ચેતના ઊર્ધ્વ-ચેતના તરફ ખુલેલી. તમારા પ્રાણનો વિરોધ દર્દ રૂપે તમે અનુભવ્યો.''

''માતાજી, હું શ્રી અરવિન્દના દર્શને ગયો હતો ત્યારે વેદના સખત ઉપડેલી. મેં શ્રી અરવિન્દને મનોમય કાંઈક ઉપલબ્ધિ માટે પ્રાર્થના કરેલી. અચાનક તે દર્દ તીવ્ર આનંદમાં ફેરવાઈ ગએલો.''

''તે તમારા ચૈત્યપુરુષના સંપર્કને કારણે થયું.'' ''માતાજી, ત્યાં બધી જ સમસ્યાઓ નષ્ટ થઈ જાય છે. નવી સમજણની અનુભૂતિઓ આવતી જાય છે, જ્ઞાન સતત વિસ્તરતું જણાય છે.''

''તે વખતે તમારું આંતર સ્વરૂપ પણ ચૈત્યપુરુષ પ્રત્યે ખુલી રહ્યું હતું, તેથી તેવું લાગતું હતું. તમને સાધનાની વધારે સમજણ આવે છે અને બાહ્ય ઘટનાઓના સાચા આંતર-સ્વરૂપની તમને અનાયાસ સમજણ મળે છે. બાહ્ય સ્વભાવ આંતર સ્વભાવની જ વિકૃત અભિવ્યક્તિ જેવું લાગે છે.

આને જ હું પાયાની ક્રાંતિ કહું છું.''

ગીતાનિબંધો

- શ્રી અરવિંદ

સ્વભાવ અને સ્વધર્મ

(પૃ.૫૯૮-૬૧૮)

અવતરણો - પ્રકરણ - ૧૮

૧ કર્તવ્ય કર્મ એટલે કે જે કર્મ કરવાનું છે તે - દાન, યજ્ઞ અને તપ એમ ત્રણ પ્રકારનું સ્વરૂપ ધારણ કરે છે (અર્થાત્) એવી વિશાળતામાં તેમને લઈ જવા જોઈએ કે જ્યાં આગળ સર્વ કર્મો મુક્ત આત્મદાન રૂપ, દિવ્ય તપસ્‌ની શક્તિરૂપ તથા આધ્યાત્મિક જીવનમાં સતત યજ્ઞરૂપ બની રહે. પૃ.૫૯૯

૨ પરધર્મનું અનુસરણ આત્માને માટે ભયાવહ છે. પૃ. ૬૦૦

૩ પ્રકૃતિમાં પ્રગટ થએલા આત્માના સ્વ-ભાવના ચાર મૌલિક પ્રકારો. પૃ. ૬૦૦

૪ કર્તવ્યકર્મ એટલે સ્વ-ભાવમાંથી નિર્માણ થએલું કર્મ (સ્વભાવનિયત કર્મ (૧૮.૪૭). પૃ. ૬૦૧

૫ સહજ શબ્દનો અર્થ છે સાથે જન્મેલું (સહ+જ). પૃ. ૬૦૫

૬ આનામાંથી (પ્રભુમાંથી) ભૂતોની સર્વ પ્રવૃત્તિ પ્રગટે છે. યતઃ પ્રવૃત્તિર્ભૂતાનામ્ (૧૮.૪૬) પૃ. ૬૧૦

૭ અજ્ઞાનની દશામાં પણ કોઈ કુશળ યાંત્રિક સિદ્ધાંત પ્રમાણે આપણને આકાર આપી રહ્યાં છે. પૃ. ૬૧૦

૮ આધ્યાત્મિક દિવ્ય-શક્તિ આ વિશ્વમાં અનેક વ્યક્તિસ્વરૂપ બનેલી છે. પરાપ્રકૃતિ જીવભૂતા (૭.૫) પૃ. ૬૧૧

૯ ત્રણ ગુણોથી બનેલી અધો પ્રકૃતિમાં સ્વભાવનો અર્થ તદન જુદો જ થાય છે. પૃ. ૬૧૩

૧૦ માનવ પ્રકૃતિમાં આ ચારે વ્યક્તિઓનો (વર્ણોનો) કાંઈક ને કાંઈક અંશ વિકસિત કે અણવિકસિત, વિશાળ કે સંકુચિત, દબાએલો કે સપાટી ઉપર દેખાતો હંમેશા હાજર હોય છે. પૃ. ૬૧૫

૧૧ આ ચતુર્વ્યૂહ આત્મશક્તિના સૌથી વધારે ક્રિયાત્મક અને સહુથી દિવ્ય સ્વરૂપને પ્રાપ્ત કરવું એ ઊંચામાં ઊંચી આધ્યાત્મિક પૂર્ણતાની વિશાળમાં વિશાળ વાસ્તવિકતાને પહોંચવાનું દ્વાર છે. પૃ. ૬૧૭

૧૨ ગીતામાં આજ્ઞા છે કે પ્રભુની પૂજા સ્વકર્મણા (૧૮.૪૬) - પોતાના કર્મો વડે કરવી જોઈએ. પૃ. ૬૧૭

૧૩ આપણા અંતરાત્માના જીવંત અને ઊંડામાં ઊંડા સત્યનું આપણી વર્તમાન પ્રકૃતિમાં અનુસરણ કરવાથી આખરે અંતરાત્માનું શાશ્વત સત્ય જે પરા પ્રકૃતિમાં અત્યારે ઊર્ધ્વમાં રહેલું છે તેને પ્રાપ્ત કરવામાં સહાય થશે. પૃ. ૬૧૮

સમજૂતી - માનસિંહ ચાવડા

કર્મો પ્રકૃતિના સ્વભાવ અનુસાર પોતાની વિશિષ્ઠતા નિર્માણ કરતા હોય છે. માનવ પોતાના સ્વભાવ મુજબ જ વર્તે છે. આ પ્રાકૃત સ્થિતિમાં રહેવાથી ચેતનાનો વિકાસ થવો શક્ય નથી, તેથી ચેતનાના વિકાસ માટે તેને બદલવો પડે છે.

ભારતીય સંસ્કૃતિ અને ગીતા બન્ને 'કર્તવ્ય કર્મ' કરવા ઉપર ભાર મૂકે છે. પોતે જે સમાજમાં, કુટુંબમાં, રહેતો હોય તેને કારણે આપણું નિર્માણ થએલું કર્તવ્ય આપણે નિભાવવું જ જોઈએ એ પ્રથમ નૈતિક પ્રયત્ન હોવો જોઈએ.

આવા જે કર્મો હોય છે તે કઈ રીતે પાર પાડવા જોઈએ તે માટે કરવાની ભાવના ગીતા ત્રણ શબ્દો દ્વારા વ્યક્ત કરે છે - દાન, યજ્ઞ, તપ. પોતાનું કર્તવ્ય બજાવતા પોતાનું શ્રમદાન કરો, તે કર્મ કર્તવ્ય - બુદ્ધિથી નિસ્વાર્થ રીતે કરો (યજ્ઞં), તેમાં આવતી મુશ્કેલીઓનો સમતાથી સામનો કરો (તપ). નૈતિકસ્તરે કર્તવ્ય-કર્મનો આ અર્થ થાય છે.

પણ ગીતા તેને આધ્યાત્મિક કક્ષાએ લઈ જાય છે. તેના મતે સમર્પણભાવ અર્થાત્ આત્મદાન એ દાન છે. દિવ્ય-તપસ અર્થાત્ ઉત્સાહ, નિર્ભયતા, અડગતાથી તે કરવું અને તે કર્મ આત્માની અભિવ્યક્તિ રૂપી યજ્ઞ માટે કરવું એ મહત્ત્વનું છે.

આત્માને આપણી પ્રકૃતિ દ્વારા પ્રગટ કરવો એ જ આત્મધર્મ છે. તેને જ અનુસરવું શ્રેયસ્કર છે એમ ગીતા જણાવે છે (સ્વધર્મે નિધનં શ્રેયઃ). બીજાની દેખાદેખી કર્મ કરવા એ તો પરધર્માનુસાર કર્મ કરવા જેવું છે. તેથી આપણી પ્રકૃતિ તેની વિરુદ્ધ જાય છે અને વિકૃત થાય છે. આથી સંકટ નિર્માણ થાય છે (પરધર્મો ભયાવહઃ).

કર્તવ્ય કર્મની વ્યાખ્યા ગીતા 'સ્વભાવ નિયતં કર્મ' તરીકે કરે છે. તેનો વ્યવહારિક અર્થ એ લેવાય છે કે ચાર વર્ણો પૈકી તમારા પોતાના વર્ણને અનુરૂપ જે કર્મ હોય તેણે તે કરવું. બ્રાહ્મણે બ્રાહ્મણનાં કર્મો કરવાં. ક્ષત્રિયે ક્ષત્રિયનાં કર્મો કરવાં, સમાજે સ્વીકારેલી સમાજ-રચનાને સ્થિરતા બક્ષવી.

પણ ગીતા જણાવે છે કે ચાતુર્વણ્ય એ સમાજે પોતાની સગવડતા ખાતર નિર્માણ કરેલી રચનામાત્ર નથી, તેના મૂળિયાં તેથી પણ ઊંડાં છે. તે વર્ણવ્યવસ્થા પ્રભુએ પોતે જ નિર્માણ કરેલી છે અને તે પણ સમાજનું અસ્તિત્વ નહોતું ત્યારે (ચાતુર્વણ્ય મયા સૃષ્ટમ્). ચેતનાના પ્રકૃતિદ્વારાના આવિર્ભાવનાં ચાર પાસાં છે. ચારે કાયમ સાથે જ રહે છે. તે અવિભાજ્ય છે. ફક્ત કોઈની પ્રકૃતિમાં એક પાસું વિકસિત હોય છે, જ્યારે અન્ય દબાએલું. કોઈ પાસું સપાટી ઉપર તો કોઈ તળિએ. તે ચેતનાની પોતાની અભિવ્યક્તિનો પ્રકાર હોય છે, જેને ગીતા સ્વ+ભાવ કહે છે. તે પાસાથી નિયત કરેલાં

કર્મો જો વ્યક્તિ કરે તો તેની પ્રકૃતિ તેને વિરોધ કરતી નથી અને તેથી આત્મતત્ત્વની અભિવ્યક્તિ સહજ રીતે અને સંઘર્ષ વગર થાય છે. આવી રીતે પોતાના તે સ્વભાવ અનુસાર વર્તવું એ જ સ્વ+ધર્મ છે.

ચેતનાની અભિવ્યક્તિના ચતુર્વિધ પ્રકારો સત્ત્વ, રજસ, તમસ્ આ ગુણો પૈકી કોઈની પ્રધાનતાને કારણે અને તેને કારણે જે કર્મોનો ખાસ ઘાટ રચાય છે, તેને કારણે રચાયા છે (ગુણકર્મ વિભાગશઃ). ગુણ એટલે ત્રિગુણ.

માનવ જન્મે છે ત્યારે જ તેની પ્રકૃતિની વિશેષતા સાથે જન્મે છે અને પ્રકૃતિની વિશેષતા અનુસાર જ તેના કર્મો નિશ્ચિત થાય છે. તેથી આવા કર્મોને 'સહજં કર્મ' તરીકે ગીતા ઓળખે છે. સહજના બે અર્થ છે :

(૧) તે પ્રકૃતિના સ્વભાવ અનુસાર હોવાથી તે કરવા સહજ છે અર્થાત્ નૈસર્ગિક છે.

(૨) તે જન્મ સાથે જ નિર્માણ થએલા હોવાથી તેને સહ–જ અર્થાત્ સાથે જ જન્મેલા એમ પણ કહી શકાય છે.

સારાંશ ગીતા કર્મ બાબત ત્રણ ધારાધોરણો નક્કી કરે છે :

૧ બધાં કર્મો અંતકરણમાંથી અર્થાત્ પ્રકૃતિની સહજ શક્તિમાંથી નિર્માણ થવા જોઈએ. તે વધારે વિકાસનું આરંભ બિંદુ બની જાય છે (સહજં કર્મમ્).

૨ પ્રકૃતિના જે ચાર પ્રકારો છે તે પૈકી પોતાના પ્રકારનું કાર્યક્ષેત્ર એ જ તેના કર્મનું ક્ષેત્ર બનવું જોઈએ (સ્વભાવ નિયતંકર્મ).

૩ દરેક કર્મ સ્વધર્મમાંથી અર્થાત્ પોતાના આંતરિક સત્યમાંથી નિર્માણ થવું જોઈએ (સ્વધર્મમ્).

ગીતા ફક્ત આ ત્રણ સિદ્ધાંતોમાં જ પોતાનું રહસ્ય પૂરેપૂરું પ્રગટ કરતી નથી. તે આગળ જઈને કહે છે કે બધી જ પ્રવૃત્તિઓ અર્થાત્ કર્મો ખરેખર તો પ્રભુમાંથી (તેના સંકલ્પમાંથી જ) નિર્માણ થાય છે (યતઃ પ્રવૃત્તિ ર્ભૂતાનામ્) આ પ્રવૃત્તિઓનો મૂળ હેતુ પ્રભુના સ્વરૂપ સાથે એકરૂપતા સાધવી એ જ છે. પ્રભુ પોતાનો આંતરિક ખજાનો આ પ્રવૃત્તિઓ દ્વારા પ્રગટ કરી રહ્યો છે અને તે શોધનું એક પાસું આપણી અંદર પૂર્ણતાએ પહોંચવું જોઈએ, તો જ જીવન સાર્થક ગણાશે.

પણ આપણો સ્વભાવ તો તમોગ્રસ્ત છે. તો પૂર્ણતા પ્રાપ્ત કેવી રીતે કરવી ? હાલમાં તો પ્રભુ આપણી અજ્ઞાન અવસ્થામાં પણ આપણને જાણ કર્યા વગર આપણને તે અનુસાર ઘાટ આપી રહ્યો છે અને અંતે તેને પોતાના સ્વરૂપમાં (પુરુષોત્તમ) તેને ઘડવો છે તેને માટે પ્રભુએ પોતાની જ દિવ્ય-શક્તિ કામે લગાડી છે

જે વિવિધ જીવો તરીકે પ્રગટ થઈ છે (પરાપ્રકૃતિર્જીવભૂતા) અને તે જ આપણને આપણા સત્યને ઓળખવા તરફ આપણને દોરી રહી છે. તેથી આપણે આત્માની અભિવ્યક્તિ માટે અનુકૂળતા કરી આપવાની જરૂર છે. તે નહિ કરીએ તો આપણો આત્મા જ આપણે ખોઈ બેસશું.

જે કર્મો આત્માના મૂલ્યને અર્થાત્ તેની અભિવ્યક્તિને ધારણ કરશે તેટલાં કર્મો સ્વભાવનિયત બનશે, સહજં કર્મ બનશે અને આપણી પ્રકૃતિ (વર્ણ) અનુસારનાં હશે.

તમોગુણ પ્રધાન માનવ પ્રકારને શુદ્ર કહ્યો છે. રજોગુણ પ્રધાન વ્યક્તિ સર્જન કરે તો વૈશ્ય અને સંરક્ષણ કરે તો ક્ષત્રિય બને છે અને સત્ત્વગુણપ્રધાન બ્રાહ્મણ બને છે.

તમોગુણમાં આત્માની અભિવ્યક્તિ માટેની ગતિ જ હોતી નથી. રજોગુણમાં ગતિ હોય છે. પણ તેની સાચી દિશાનું જ્ઞાન હોતું નથી. સત્ત્વગુણમાં ગતિ અને દિશા બન્ને સાચા હોય છે અને ગતિ ન હોય અર્થાત્ પરિત્યાગ હોય તો તેની પણ દિશા સાચી હોય છે.

દરેક વ્યક્તિમાં આ ચારે વર્ણનાં પાસાં હોય છે. કોઈ પ્રગટ, કોઈ દબાએલાં. આમાનાં આવિર્ભાવની ચાર શૈલી ઉપરથી આ ચાતુર્વણ્ય રચાયા છે તેથી તેનો પાયો આધ્યાત્મિક છે. ફક્ત સામાજિક વ્યવસ્થાનો એ ભાગ નથી.

કોઈ પણ વર્ણ હોય તેનાં કર્મોનો પાયો તો પ્રભુ જ હોવા જોઈએ. (મયિ સન્યસ્ય કર્માણિ) સન્યસ્ય એટલે ત્યાગ નહિ પણ બરાબર મૂકીને, ગોઠવીને કરેલું કર્મ (સમ-ન્યાસ).

આવી રીતે પોતાના કર્મોથી પ્રભુને આરાધવા જોઈએ (સ્વકર્મણા).

આ રીતે કરવાથી આપણી અપરા પ્રકૃતિમાં પ્રગટ ન થતું સત્ય જે હજી આપણી ઊર્ધ્વમાં રહેલ પરાપ્રકૃતિમાં જ છે તે નીચે અવતરણ પામી આપણી અપરાપ્રકૃતિનું રૂપાંતર કરી તેની દ્વારા પ્રગટ થશે... ત્યારે તે દિવ્ય-કર્મ બની જશે.

SPONSORSHIP

This issue is sponsored by
RAVINDRA & TARLIKA PATEL
of U.S.A.

માનવવિકાસ ચક્ર

- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - **કે.કે.ખખ્ખર**

(લેખ ક્રમાંક - ૧૪)

સંસ્કારિતા અને બર્બરતા

આપણે આ અગાઉ જોયું કે શ્રી અરવિન્દે વર્તમાન સમયની અર્થ-પ્રધાનતાને સ્થૂળ બર્બરતાની જગ્યાએ આવેલી 'આર્થિક બર્બરતા' તરીકે ઓળખાવવાનું પસંદ કર્યું છે. અગાઉ માણસ શરીર સાથે સંલગ્ન સ્થૂળ બર્બરતાનો ભોગ બનેલો હતો, પરંતુ વખત જતા કેળવણી અને જ્ઞાન-વિજ્ઞાનના વિકાસ સાથે આર્થિક પરિવર્તનો આવ્યાં. ચીજ-વસ્તુઓના ગંજ ખડકાયા અને આરામ તથા ભોગ-વિલાસના વધુ સાધનો ઉપલબ્ધ બન્યાં. સમાજ વધુ અર્થપ્રધાન બન્યો પરંતુ મનુષ્યના પ્રાણતત્ત્વ સાથે જોડાયેલી અહંકારયુક્ત બર્બરતાએ તેનો કેડો મૂક્યો નહીં. શ્રી અરવિન્દ કહે છે કે અર્થપ્રધાન સમાજ આપોઆપ સંસ્કારી બની જતો નથી.

શ્રી અરવિન્દ સ્પષ્ટ કહે છે કે સંસ્કૃતિ અને સંસ્કારિતાના આગમન માટે ધન-સંપત્તિ સાથે જોડાયેલા અહંકાર, પ્રાણ-તત્ત્વનું આધિપત્ય, લોભ, મોહ, માલિકીપણું, ઈત્યાદિમાંથી છુટકારો મેળવવો અનિવાર્ય છે. કેળવણી અને જ્ઞાનવિજ્ઞાનના વિકાસ સાથે મનુષ્યના મનનો વિકાસ થયો હોવા છતાં જો તેનું મન હજુ પણ પ્રાણની ભૂમિકાએ સ્થિર બની રહ્યું હોય તો વ્યક્તિ માટે સંસ્કારી થવાનું અઘરું બની જાય છે.

શ્રી અરવિન્દ આપણને બર્બરતામાંથી સંસ્કારિતા તરફ જવાનો માર્ગ શોધી આપે છે. તેઓ સૂચવે છે કે આ માટે સ્થૂળ ઈન્દ્રિયો સાથે જોડાયેલી માનસિક અવસ્થામાંથી વ્યક્તિએ છુટકારો મેળવીને નીતિપ્રધાન, રસપ્રધાન અને સૌંદર્યપ્રધાન અવસ્થા તરફ જવું અનિવાર્ય છે. નિમ્નસ્તરની અને ઉચ્ચસ્તરની માનસિક અવસ્થાઓ સાથેનું માનવજીવન બુદ્ધિની મદદથી કાર્ય કરતું હોય છે. શ્રી અરવિન્દ કહે છે કે બુદ્ધિ એ મનુષ્યજીવનનો સારથિ છે. આ સારથિ તેને નિમ્નસ્તરના માનસિક જીવનમાંથી ઉચ્ચસ્તરના માનસિક જીવન સુધી જવામાં સહાય કરી શકે છે.

પરંતુ શ્રી અરવિન્દ આપણને બુદ્ધિની મર્યાદાઓથી ચેતવે છે. આપણે બુદ્ધિનો અર્થ તર્ક-શક્તિ એવો કરીએ છીએ. પરંતુ આ તેનો સીમિત અર્થ છે. શ્રી અરવિન્દ કહે છે કે બુદ્ધિથી આગળ એક બીજું તત્ત્વ છે જેને પ્રજ્ઞા કહી શકાય, જે તર્કના દોષને નિવારવામાં સહાય કરે છે. તે તર્કને મઠારવાનું અને અજવાળવાનું કાર્ય કરે છે.

પ્રજ્ઞાના પ્રકાશિત માર્ગે જ બુદ્ધિ મનુષ્યને તેના નીતિ-પરાયણ રસપૂર્ણ અને

સૌંદર્યયુક્ત જીવન તરફ લઈ જઈ શકે છે. જો પ્રજ્ઞાને અવકાશ મળે તો તે માણસનાં પ્રાણતત્ત્વ સાથે જોડાએલા ઈન્દ્રિયજન્ય સંવેદનોને પણ પ્રકાશિત કરી શકે છે.

બુદ્ધિથી ઉપર રહેલી પ્રજ્ઞાશક્તિ સર્જકો અને કળાકારોને વધુ ગહન, વિશ્વરૂપ અને મનમોહક સૌંદર્યના પ્રદેશોમાં ઉડ્ડયન કરાવી શકે છે. પ્રજ્ઞાપ્રેરિત નૂતન સંવેદનો આગળ જીવનની સામાન્ય સંવેદનાઓ તદ્દન ફિક્કી પડી જતી અનુભવાય છે. પ્રજ્ઞાશક્તિની ગતિ વધુ વેગવાન અને નૈસર્ગિક હોય છે. તેની સાથે રહેલું પરમતત્ત્વ વીજળીના ઝબકારા જેવું અલૌકિક અને આભાયુક્ત હોય છે. તે જ્ઞાનથી પણ ઉપર રહેલા વધુ મહાન સત્ય તરફ મનુષ્યને દોરી જાય છે.

શ્રી અરવિન્દ કહે છે કે આપણે બર્બરતા અને સંસ્કૃતિ વચ્ચે સ્પષ્ટ ભેદ કરવો જરૂરી છે. સામાન્ય અર્થમાં સંસ્કૃતિ એટલે સભ્ય નાગરિક-જીવન. તેમાં સમાજ, રાજવ્યવસ્થા, કેળવણી તથા જ્ઞાનવિષયક સંસ્થાઓ અને વિવિધ સંગઠનોની વિકસિત વ્યવસ્થા હોય છે. જે સમાજ આવી સ્થિતિમાં પહોંચેલો હોતો નથી, તે અસંસ્કૃત કે બર્બર અથવા જંગલી અવસ્થાનો સમાજ કહી શકાય.

શ્રી અરવિન્દ આગળ ચાલતા સ્પષ્ટ કહે છે કે સંસ્કૃતિ શબ્દ ઘણો સાપેક્ષ છે. સમાજના ચોક્કસ વર્ગના લોકો પોતાને વધુ સંસ્કૃત ગણતા હોવાનું અને બાકીના લોકોને ઓછાં અથવા અર્ધ-સંસ્કૃત ગણતા હોવાનું જોવા મળે છે. વળી, આવા કહેવાતા સંસ્કૃત લોકો બીજા કોઈક વર્ગની નજરે અર્ધસંસ્કૃત ગણાતા હોવાનું અસ્વાભાવિક નથી.

શ્રી અરવિન્દનો માપદંડ સ્પષ્ટ છે. જે વ્યક્તિ કે સમૂહ પોતાના ભૌતિક અને નર્યા અર્થપ્રધાન જીવનમાં ઓતપ્રોત હોય તો તેવી અવસ્થાને બર્બર કે અસંસ્કૃત ગણવી રહી. આથી અલગ, વ્યક્તિ કે સમૂહ ઊંચો માનસિક વિકાસ સાધી લે અને તે મુજબ વિવિધ પ્રવૃત્તિઓનો વિકાસ થયો હોય ત્યારે વ્યક્તિ અને સમાજની તેવી અવસ્થાને સંસ્કૃત ગણી શકાય.

અલબત્ત શ્રી અરવિન્દ એમ સ્પષ્ટ કહે છે કે કહેવાતા સુસંસ્કૃત સમાજમાં પણ બે પ્રકારના લોકો હોઈ શકે. એક તો ખરા અર્થમાં સંસ્કારી લોકો અને બીજા અધકચરા અને રૂઢિગત સંસ્કારી લોકો. સમાજે ઊભી કરેલી સંસ્કારયુક્ત સંસ્થાઓમાં લોકો જોડાએલાં હોય અને તેની પ્રકૃતિમાં ભાગ લેતો હોય તેથી તેમનું માનસિક જીવન આપોઆપ સુસંસ્કૃત બની જતું નથી. જો તેની માનસિક ભૂમિકા બદલાઈ ન હોય અને તેની સ્થૂળબુદ્ધિને જ આધિન હોય તો તેને સુધરેલા સમાજનો બર્બર અથવા અસંસ્કૃત હોવાનું માનવું રહ્યું.

સાવિત્રી

- શ્રી અરવિંદ

સમજૂતી - માનસિંહ ચાવડા

Savitri B-1, C-3 P 36

યુદ્ધ ક્ષેત્રે પ્રવેશ

પ્રકરણ - ૯૪

અશ્વપતિના સ્વરૂપનો ટોચનો ભાગ અચલ બ્રહ્મની ચેતનામાં સ્થિર હતો, જ્યારે નિમ્નતમ ભાગો - અવચેતન અને અચેતન, તો જૂના જન્મોજન્મનાં સંસ્કારોની જાગરણ-વિલયની પ્રક્રિયાને લીધે ઉકળતા ચરુ જેવાં ઉકળાટ અનુભવી રહ્યાં હતાં. આ બન્ને વિરોધી લાગતાં પ્રદેશો પોતાના જ સ્વરૂપના છે એ બાબત અશ્વપતિ સભાન હતો. અને તેની ચેતના બધી જ કક્ષાઓને સમાન રીતે તટસ્થ રીતે આધાર આપી રહી હતી.

અશ્વપતિને એક વસ્તુ સમજાઈ. તે પોતાના સ્વરૂપને ખૂબ જ સંવાદમય સમજતો હતો પણ વાસ્તવિકતા તેવી નથી. એક જ વ્યક્તિના વિવિધ તત્ત્વો વિકાસના વિવિધ તબક્કા ધરાવે છે અને છતાં કામચલાઉ સંવાદ રચવાનો પ્રયત્ન કરતાં હોય છે. જ્યારે આ સંવાદનો પ્રયત્ન પડી ભાંગે છે અને વિસંવાદ પરાકોટીએ પહોંચે છે ત્યારે જ આધિ, ઉપાધિ, વ્યાધિ અને મૃત્યુ એવા ચડતાક્રમે વિપત્તિઓ નિર્માણ થવા લાગે છે એ તેને હવે સ્પષ્ટ થયું.

પણ અશ્વપતિએ આ બધી વાસ્તવિકતાઓ સ્વીકારી લીધી હતી. તે માટે તે ક્ષોભ કે ગ્લાનિ અનુભવતો નહોતો. પોતાની અપૂર્ણતાને સ્વીકારી તેની ઉપરવટ કેમ જવું, તેનો ભવિષ્યનો વિચાર કરતો હતો. દુઃખ અને સમસ્યાઓને મમળાવવાનો તેનો સ્વભાવ નહોતો. શ્રી અરવિન્દ આ વાસ્તવિકતાઓ દર્શાવતા જણાવે છે કે,

To the stilled heights and the troubled depths
His equal spirit gave its vast assent:

શ્રી અરવિન્દ અહીં concentને બદલે assent શબ્દ વાપરે છે. આધુનિક માનસશાસ્ત્રીઓ પણ અવચેતન-અચેતનને માન્ય રાખે છે પણ તેઓ એમ માન્ય કરે છે કે આ "libido" (કાદવ) કાયમી ભાગ છે અને તે છે એમ જ આપણે વહન કરવાનો છે. આ છે concent. શ્રી અરવિન્દ assent શબ્દ વાપરીને જણાવે છે કે તે છે એ વાસ્તવિકતા સ્વીકારી છે છતાં તે વિકાસના આગામી તબક્કામાં નાશ પણ પામશે એવી ધારણા રાખે છે. assent એટલે પરિસ્થિતિ અનુસાર હાલનાં તબક્કે માન્યતા આપવી પણ તે કાયમી સ્થિતિ છે એવું માન્ય ન રાખવું. આને 'આપદ્-ધર્મ' કહે છે. આ આપત્તિકાળમાં સ્વીકારી લેવાનો ધર્મ અર્થાત્ સ્વભાવ છે.

અશ્વપતિમાં સાધના કરીને જીવનનો પરમ અર્થ - પરમાર્થ અને પરમ પુરુષાર્થ મેળવવાનો દૃઢ નિર્ધાર હતો પણ તે નિર્ધાર ઠંડો અડગ, પ્રાણના ખોટા ઉતાવળીયા આવેગોથી મુક્ત, સાચી સમજણથી કેળવાએલો અને શંકાથી પર હતો. આને શ્રી અરવિન્દ ગંભીર રીતે સ્વીકારેલો હેતુ ગણે છે અને તે માટે "poised serenity" શબ્દ વાપરે છે. આ અડગ-નિશ્ચય એ અશ્વપતિની ઠંડી તાકાત હતી, પોલાદી ક્ષમતા હતી; અવિચળ-આત્મવિશ્વાસ હતો. અને તેને કારણે તેણે એક અભંગ સમતા ધારણ કરી લીધી હતી, જેને શ્રી અરવિન્દ tranquil strength કહે છે.

અશ્વપતિને પરમ-પ્રભુના વિશાલ આયોજનનો અણસાર મળી ગયો હતો અને તેથી તેની દૃષ્ટિ પણ વિશાલ બની ગઈ હતી. કાળ પોતાની રીતે પ્રભુના આયોજનને મંથર ગતિથી ધીમે ધીમે પ્રગટ કરતો જ જવાનો છે, એ અશ્વપતિ જાણતો હતો. જે કાળ તે સરતો અનુભવી રહ્યો હતો તે તો કાળની ચલિત અને સક્રિય અવસ્થા છે. કાળ જ્યારે થંભી જાય છે, "rest" માં હોય છે ત્યારે સનાતનકાળ પ્રગટ થાય છે. તેમાં કાળને ગતિ હોતી નથી. તેના સ્વરૂપનાં ટોચનાં તત્ત્વો આવા સનાતન કાળમાં જીવતાં હતાં તેથી "stilled" લાગતાં હતાં, 'અચલ' લાગતાં હતાં. પણ નીચેનાં તત્ત્વો તરફ જેમ જેમ જઈએ તેમ તેમ કાળ વધુ ને વધુ ગતિ પકડતો જતો હતો અને અવચેતન અને અચેતનમાં તો તે એટલી ઝડપે ગતિ કરતો હતો, એવી તો "unrest"ની સ્થિતિ હતી કે તે અતિગતિમાન ભ્રમણથી જ અચેતન જડ અને નિષ્ક્રિય ભાસતું હતું, 'અચલ' લાગતું હતું. ખરેખર તે તો અતિ ચલિત અવસ્થા હતી. આમ અશ્વપતિનાં સ્વરૂપમાં બે અચલ અવસ્થા હતી - એક સનાતનકાળની સાચી અચળ અવસ્થા અને તીવ્રવેગે ઘસમસતા કાળની ભ્રામક 'અચલ' અવસ્થા.

અશ્વપતિ અંદરથી સાક્ષીભાવે આ બન્ને અંતિમ ટોચનાં તત્ત્વોની ગતિવિધ દૃષ્ટાભાવે જોઈ રહ્યો હતો. એકમાં દૃષ્ટાભાવ પણ સ્થિર અને અચલ બની ગયો હતો અને અચલ-શાંતિમાં પરિણમ્યો હતો બીજામાં ગતિમાન સમતોલ વૃત્તિ હતી જેમાં ક્ષણેક્ષણે પ્રાપ્ત થતી અવનવી પરિસ્થિતિ અનુસાર દૃષ્ટાભાવ અને સમતાને તરત ગોઠવવી પડતી હતી. તે ક્ષણેક્ષણે અવનવા ભાવો રચતી અચલતા હતી, શાંતિ હતી. એક સ્થિર શાંતિ હતી, બીજી પ્રવાહી શાંતિ હતી. શ્રી અરવિન્દ આવી પ્રવાહી શાંતિને "altered peace" કહે છે.

"altered-peace"નો બીજો પણ ઊંડો અર્થ લઈ શકાય છે. ભોગતૃપ્તિ બાદની ક્ષણિક - શાંતિ એ માનવપ્રાણીને અનુભૂત એવી સામાન્ય, રોજિંદી શાંતિ છે, પણ વૈરાગ્યને લીધે થતા ઈન્દ્રિય જયને કારણે નિર્માણ થતી 'શાંતિ' એ વિકસિત, વધારે શુદ્ધ

અને ટકાઉ શાંતિ છે આ પણ "altered-peace"નો અર્થ લઈ શકાય છે. શ્રી અરવિન્દ લખે છે કે,

A poised serenity of tranquil strength,
A wide unshaken look on Time's unrest
Faced all experience with altered peace.

શ્રી અરવિન્દ Timeનો આદ્યાક્ષર કેપિટલ કરીને શાશ્વત સનાતન કાળનું જ 'ક્ષુભિત કાળ' સ્વરૂપ છે એમ જણાવવા માગે છે (કાલોસ્મિ લોકક્ષયકૃત્ પ્રવૃદ્ધઃ - ગીતા)

અશ્વપતિ સુખ અને દુઃખ પ્રત્યે તદ્દન તટસ્થ, ઉદાસીન બની ગયો હતો. તેની સમતા ગાઢ અને અવિચળ હતી. તે સમતામાં તેના ટોચમાં રહેલ સ્થિર તત્ત્વોની ચમત્કારિક સ્થિતિ પણ ભંગ પાડી શકતી નહોતી. તે સ્થિતિ માટે પણ તેને કોઈ અપેક્ષા રહી નહોતી.

શ્રી અરવિન્દ તેને "marvel" તરીકે વર્ણવે છે. એટલું જ નહિ પણ પ્રભુના કોઈ આદેશને અને પ્રેરણાને, callને પણ તે એક યોગીમાં થતી સ્વાભાવિક પ્રક્રિયા તરીકે ગણતો હતો. હરખ-પદુડો થઈને લોકોમાં તેની વારંવાર ઉત્સાહથી વાત કરવાની છીછરાઈ પણ તેમાં નહોતી. તે સમુદ્ર જેવો અતલ ઊંડાણ ધરાવતો હતો અને ભરતીમાં પણ પોતાની મર્યાદાઓ લોપતો નહોતો. તેની સમતાની મર્યાદાઓ અભંગ જ રહેતી હતી. તે અવિચળ સ્થિરતામાં જ તે પોતાના સ્વરૂપમાં ચાલતી ઉથલપાથલોને જોયા કરતો હતો અને તેમની આધારભૂત ચેતના તરીકે રહેતો હતો.

અશ્વપતિ સમાજે આપેલાં સારા-માઠાની માન્યતાઓ અને સંસ્કારો અથવા નૈતિક શુભ અશુભની કલ્પનાઓથી પર ઊઠીને આધ્યાત્મિક શુભ અને અશુભની ઘટનાઓને સમજવા લાગેલો. અને જગતમાં બધું જ છે અને અંતે શુભ અને અશુભ પણ પ્રભુનાં જ રૂપો છે એવો ભાવ ધરાવતો થઈ ગયો હતો. તે સમતાથી, શાંતિથી અને દૃષ્ટાભાવથી નિર્લેપ રીતે બધું જ કાંઈ તેનાં સ્વરૂપમાં હતું, તેને આધાર આપતી શુભ-અશુભથી પર એવી ચેતનામાં તે સ્થિર થઈ ગયો હતો.

તેની ચેતનામાં વ્યાપી ગએલી નિર્લેપતા, સ્વસ્થતા અને શાંતિ જાણે જગતની સમગ્ર ઉત્ક્રાંતિની પ્રક્રિયાને પોષણ આપી રહી હતી, મદદ કરતી અને અંતસ્તલનની ચેતનામાંથી બંધ આંખે આવતાં દર્શનોનો સમજાતો અર્થ તેની ચેતના-શકિતને જે પ્રેરણાઓ અને દિશા-સૂચન કરતો હતો, તે સમગ્ર કાર્ય એક આંતરપ્રકાશમાં ચાલતું દિવ્ય કાર્ય તરીકે તેને લાગતું. તેને લાગતું કે તે કાર્ય ખરેખર તેણે ખૂબ જ સુંદર રીતે પાર પાડ્યું છે. શ્રી અરવિન્દ લખે છે કે,

Indifferent to the sorrow and delight,
Untempered by the marvel and the call,

Immobile it beheld the flux of things,
Calm and apart supported all that is :
His spirit's stillness helped the toiling world.
Inspired by silence and the closed eyes sight.
His force could work with a new luminous art

શ્રી અરવિન્દ આંતરિક પ્રકાશમય ચેતનાને નવી - New જણાવે છે, કારણ આ મન કે પ્રાણનો પ્રકાશ નથી પણ અશ્વપતિના ચૈત્યપુરુષનો પ્રકાશ છે - ચૈતસિક પ્રકાશ છે. મનનો પ્રકાશ ખોટો કે ભ્રાંત હોઈ શકે છે. ચૈતસિક પ્રકાશ કોઈ વખત ખોટો કે ગેરમાર્ગે દોરનારો હોતો નથી, તેથી તેને New શબ્દથી શ્રી અરવિન્દ જુદો પાડે છે.

આવો આ નૂતન ચૈતસિક પ્રકાશ હવે આ સમગ્ર જગત જેમાંથી રચાયું છે એવા જડ, અચેતન ભૌતિક તત્ત્વ ઉપર પણ કામ કરવા લાગ્યો, કારણ તે ફક્ત સભાન પ્રકાશ સ્વરૂપ ચેતના જ નહોતી પણ તે એક શક્તિ પણ હતી. તે પ્રકાશ તેથી પણ નીચે ઊતર્યો અને અચેતનનો જથ્થો જે સતત વિકાસને અવરોધતો હતો તેની ઉપર પણ કામ કરવા લાગ્યો અને તે અચેતનમાં રહેલ અને જગતમાં ફેલાએલ અજ્ઞાનના અંધકાર ઉપર પણ તે દબાણ મુકવા લાગ્યો, અને તેની પણ નીચે રહેલ અદિવ્ય તત્ત્વો અને તેમણે વિકૃત કરી નાખેલ જીવન ઉપર પણ કાર્ય કરવા લાગ્યો. સારાંશ ચૈતસિક પ્રકાશે અવચેતન અને અચેતનનાં ક્ષેત્રમાં પ્રવેશી પોતાનો પ્રભાવ પાથરવાનો પ્રયત્ન આદર્યો.

શારીરિક કોષોને મુક્ત કરવા માટે અવચેતન અને અચેતનનાં ક્ષેત્રમાં પ્રવેશી ત્યાં યુદ્ધ કરવાની જરૂરિયાત ઊભી થઈ હતી અને અશ્વપતિનો ચૈત્યપુરુષ પરા-ચેતનાની મદદથી તે કાર્ય બરાબર કરી રહ્યો હતો.

કોષોની સાધનાની પ્રાથમિક તૈયારીઓ જાણે થઈ ગઈ હતી. શ્રી અરવિન્દ લખે છે કે,

On the crude material from which all is made
And the refused of Inertia's mass
And the grey front of the world's Ignorance
And nescient Matter and the huge error of life.

શ્રી અરવિન્દ Ignorance અને Matterના આદ્યાક્ષરો કેપિટલ કરીને મૂળભૂત અચિતને જ સૂચવી રહ્યાં છે.

અશ્વપતિનાં ચૈત્યપુરુષે અર્જુનની જેમ યુદ્ધક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો. કોષોનાં કિલ્લાઓમાં છુપાઈ બેસેલી અચિત્‌ની રાજધાની ઉપર જ તેણે હુમલો કર્યો હતો. (ક્રમશઃ)

યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

મનોમય પુરુષ અને ચૈત્યપુરુષનો તફાવત - પ્રકરણ - ૧૪

અવતરણો

(ભા-૧, પૃ ૩૩૫-૩૪૩)

સમજૂતી - માનસિંહ ચાવડા

૧ ઘણા ખરા માણસોમાં કામનામય પ્રકૃતિ... ચેતના ઉપર મોટા પ્રમાણમાં શાસન ચલાવે છે. પૃ.૩૩૫

૨ ઉપનિષદો અનુસાર મનોમય પુરુષ પ્રાણ-શરીરનો નેતા છે. પૃ.૩૩૫

૩ પ્રાણમય સ્વરૂપ અહં નથી... અહં એ મનોમય, પ્રાણમય અને શારીરિક સ્વરૂપનો બનેલો છે. પૃ.૩૩૫

૪ બધા (પુરુષો) આત્માના પ્રક્ષેપો છે. પૃ.૩૩૬

૫ મનોમય પુરુષ તમારી અંદર જે વસ્તુ ચાલી રહી છે તેને જોયા કરે છે..... પછી નિર્ણય લે છે. પૃ.૩૩૭

૬ દરેક ભાગે ચૈતસિક તત્ત્વમાંથી અથવા ઊર્ધ્વમાંથી પોતાની અંદર સત્યને દાખલ થવા દેવું જોઈએ.પૃ.૩૩૯

૭ આ બાહ્ય ચેતના વ્યક્તિનો આત્મા નથી. પૃ.૩૪૧

૮ આંતરમન, આંતરપ્રાણ અને આંતરિક - શારીરિક, વિશ્વરૂપ ચેતનાના ભાગરૂપે હોય છે. પૃ.૩૪૧

૯ પશ્ચિમના લોકો ક્રિશ્ચિયન ખ્યાલ પ્રમાણે ટેવાએલા છે કે શરીરની સાથે આત્માનું સર્જન થાય છે. પૃ.૩૪૨

૧૦ ચૈત્યપુરુષનું ઉપનિષદોમાં અંગૂઠાથી મોટા કદનો નહિ.... આ એક પ્રતીકમય વર્ણન છે..... ચૈત્યપુરુષનો આકાર જુએ છે તો તે તેનાથી મોટો હોય છે. બાહ્ય ચેતના જે શરીરથી મર્યાદિત છે તેનાથી વધારે વિશાલ હોય છે.પૃ.૩૪૨

૧૧ ચૈત્યપુરુષને એક રૂપ હોય છે પરંતુ તે ફોટામાં દેખાતું નથી (માનવાકૃતિ રૂપે) વ્યક્તિ ફોટા મારફતે તેનું દર્શન કરી શકે છે (કોઈ એવી વસ્તુ જે શરીરદ્વારા પ્રગટ થઈ રહી છે) પૃ.૩૪૩

સમજૂતી - માનસિંહ ચાવડા

મનોમય પુરુષ નિરીક્ષણ કરે છે અને તર્ક કરી નિર્ણય લે છે. ચૈત્યપુરુષને આવું કરવાની જરૂર નથી. તેને સહજ સ્ફુરણા અથવા પ્રેરણાની ક્ષમતા હોય છે. તેની દ્વારા જ તે સાચી ખોટી ગતિઓને તત્કાળ ઓળખી લે છે. ચૈત્યપુરુષ વિકાસ પામી સચેતન થાય છે, ત્યારે જ તે પોતાની પાછળ રહેલ જીવાત્મારૂપી કેન્દ્રિય સ્વરૂપને જાણી શકે છે.

ઉપનિષદો જે નાડીતંત્ર દ્વારા શરીરને સંચાલિત કરતો મનોમય પુરુષની વાત કરે છે તે પોતે નાડીતંત્ર પ્રકૃતિની રચના છે. જ્યારે મનોમય પુરુષ પુરુષ તત્ત્વનું એક સ્વરૂપ છે. સામાન્ય માનવમાં ચૈત્યપુરુષ એક બંધારણીય રાજા જેવો હોય છે અને મનોમય પુરુષ જ તેના વતી જાણે પ્રધાનમંત્રી તરીકે બધા નિર્ણયો લેતો દેખાય છે. આ પ્રકારનાં વિધાનો અર્ધસત્ય છે, કારણ વ્યક્તિદીઠ તો ઘણી વખત મનોમય કે પ્રાણમય કે શારીરિક - પુરુષ ત્રણે પૈકી કોઈ પણ પ્રધાનમંત્રી તરીકે કામ કરતો જણાય છે. બીજું, પ્રસંગાનુસાર ઉપરનાં ત્રણ પૈકી કોઈ પણ એક પ્રધાનમંત્રી તરીકે બદલાતા પણ અનુભવાય છે.

દરેક માનવમાં ચૈત્યપુરુષથી માંડી પાર્થિવપુરુષ સુધીનાં વિવિધ કક્ષાનાં પુરુષો હોય છે અને તે બધા સુસંવાદમાં રહેતા હોય છે તેવું પણ નથી. દરેક પુરુષની પોતાની અલગ વ્યક્તિતા હોય છે. સામાન્ય માનવ આ વસ્તુ સમજી શકતો નથી, માનસશાસ્ત્રીઓ હવે થોડું થોડું સમજતાં થયાં છે અને Split personalityને એક વાસ્તવિકતા તરીકે માન્ય કરતાં થયાં છે. યોગનું લક્ષ્ય જ એ છે કે આ વિવિધ પુરુષોને એક કેન્દ્રસ્થ પુરુષના વર્ચસ્વ નીચે લાવી તેમને સુસંવાદમાં કામ કરતાં કરવા. તે માટે જરૂરી હોય તે પુરુષની વ્યક્તિતા અને પ્રકૃતિમાં ફેરફાર કરવો. અર્થાત્ આ કેન્દ્રિય પુરુષ ચૈત્યપુરુષ હોવો જરૂરી છે. ઘણી વખત વિકસિત માનવમાં મનોમય પુરુષ તે કેન્દ્રિય ભૂમિકાનો કબજો લઈ લે છે. તે સાધનાની દૃષ્ટિએ બહુ વિકાસ ગણાતો નથી.

સાચું એ છે કે બધા પુરુષોને તેની આગવી રીતે પૂર્ણતા બક્ષવી પડે છે અને તેમને કેન્દ્રિય - ચૈત્યપુરુષમાંથી પ્રેરણારૂપે આવતા સત્યોને ધારણ કરતા કરવા પડે છે, ત્યારે જ તે બધાં સંવાદમાં રહી શકે છે.

અર્થાત્ જ્યાં સુધી વ્યક્તિ પોતાની ચેતનાને પ્રકૃતિની ગતિવિધિઓમાંથી અલિપ્ત અને મુક્ત કરી શકતી નથી અને સાક્ષીભાવે આંતરનિરીક્ષણ કરી શકતી નથી, ત્યાં સુધી આ વિવિધપુરુષોની વિવિધતા, સ્વચ્છંદતા, પોતાની રીતે જ વર્તવાનો આગ્રહ આ બાબતનું અનુભવસિદ્ધ સ્પષ્ટ જ્ઞાન થતું નથી. તે માટે સાધકે

પોતાની ચેતનાને ચૈત્યપુરુષના પ્રભાવ નીચે રાખતા શીખવું પડે છે અને તેની પ્રેરણાનુસાર જ કાર્ય કરવાની ટેવ પાડવી જોઈએ.

અર્થાત્ આવેગોમાં ઢસડાઈને ચૈત્યપુરુષની અભીપ્સા વિરોધી જીવન ગાળવું એ માનવીની સર્વ સાધારણ નબળાઈ છે. પણ તે નબળાઈ એટલે યોગ-કરવાની અક્ષમતા એવો અર્થ ન લેવો જોઈએ. વ્યક્તિ ધારે તો આ નબળાઈમાંથી ઉપર ઉઠવાની ક્ષમતા ધરાવે જ છે. પણ તે માટે તેણે સાધનાને ગંભીર રીતે લેતા શીખવું પડશે. ચૈત્યપુરુષ તો તેને અનુકૂળ પરિસ્થિતિ મળતાં જ પોતાનો પ્રભાવ પાડવાની શરૂઆત કરી દે જ છે. અજ્ઞાનમાંથી મુક્ત થવાની પ્રથમ શરત એ જ છે કે સાધકે વાસ્તવિકતાઓને પહેલા સ્વીકારી લેવી જોઈએ. બાહ્ય - ચેતના જે ઉપરની નબળાઈને આધીન છે તે આપણું સાચું વ્યક્તિત્વ નથી. તે તો એક કામચલાઉ સપાટી ઉપરની લીલા માટે રચેલું ઘડતર છે. વ્યક્તિત્વ જેને લેટિન ભાષામાં Persona કહે છે. તેનો અર્થ ''બુરખો અથવા આવરણ'' એવો છે, જે આધ્યાત્મિક રીતે સાચો છે. આપણા આ બાહ્ય સ્વરૂપનાં ઓઠા નીચે જે આંતરમન, આંતરપ્રાણ, આંતર પાર્થિવતત્ત્વનું બનેલું આંતરસ્વરૂપ છે, તે પરમાત્માનો પ્રભાવ સહેલાઈથી ઝીલતું હોવાથી તે આપણા સાચા સ્વરૂપની વધારે પાસે છે. આ આંતર-સ્વરૂપ વૈશ્વિક-ચેતના પ્રત્યે વધારે ઉઘાડ ધરાવે છે, તેથી તે સત્યને વધારે ને વધારે ધારણ કરી શકે છે.

અંગ્રેજી ભાષામાં આંતરસ્વરૂપ માટે વપરાતો "Soul" અસ્પષ્ટ છે. આંતરસ્વરૂપમાં ચૈતસિક સ્વરૂપનો સમાવેશ થતો નથી. પણ soul શબ્દમાં તેનો પણ સમાવેશ કરવામાં આવે છે. યુરોપીય વિચારસરણીમાં શરીર છોડીને બાકી બધું જ તે શબ્દમાં અંતર્ભૂત કરવામાં આવે છે. વિજ્ઞાન શરીરનું નિશ્ચિત અસ્તિત્વ માને છે, આત્માનું નહિ. ખ્રિસ્ચિયન લોકોની માન્યતા છે કે શરીર સાથે જ આત્મા જન્મે છે. આ મૂળ જ્યૂ લોકોનો વિચાર છે જે પ્રભુને માને છે પણ અમર આત્માને નહિ.

ઉપનિષદોમાં ચૈત્યપુરુષનું વર્ણન 'અંગૂષ્ઠ માત્રમેવ પુરુષઃ' એવું કરેલ છે. અર્થાત્ તે અંગૂઠાના આકારની કળી-આકારની જ્યોત સ્વરૂપ હોય છે (જ્યોત કલિકા વત્) કદાચ આને જ જ્યોતિર્લિંગ કહેતા હોય. પણ સાધકને જે મનોમય, પ્રાણમય કે શારીરિક-પુરુષનું દર્શન થાય છે, તેમાં તે શરીર કરતાં વધારે વિશાળ લાગે છે; કારણ તે સૂક્ષ્મ વધારે હોય છે. વિશ્વ-ચેતનામાં પ્રવેશતા તો આ વ્યક્તિ ચેતનાઓ પણ ખૂબ જ નાની અને ચેતનાની સપાટી ઉપરની ગતિવિધિ સ્વરૂપ લાગે છે.

ચૈત્યપુરુષને રૂપ હોય છે જ કારણ તે સાકાર હોય છે, પણ તે સ્થૂળ શરીરને મળતો આવતો નથી. કેરેલિયન ફોટાઓમાં જે આકાર દેખાતો હોય છે અને જેમને

લોકો આત્માનું સ્વરૂપ સમજે છે તે તો ખરેખર તે વખતે ચૈત્યપુરુષનાં મનોમય, પ્રાણમય કૃતિ દ્વારા પ્રગટ થતી હોય છે. તે આવિર્ભાવની પ્રકૃતિ દ્વારા પ્રગટ થતી હોય છે તે આવિર્ભાવની તે ક્ષણનું દર્શન હોય છે. તે ચૈત્યપુરુષનો આકાર હોતો નથી. વ્યક્તિચેતના જ્યાં વૈશ્વિક - ચેતનામાં પ્રગટ થાય છે તે બિન્દુનો વધારે પ્રકાશમય ભાગ જ કદાચ અંગૂઠા જેવડી જ્યોતસ્વરૂપ દેખાતો હશે. જીવાત્માએ પ્રભુનો જે સંકલ્પ ધારણ કરેલો હોય છે તેમાં નિશ્ચિત જે સ્વરૂપ હોય છે તે જ ચૈત્યપુરુષનું સાચું સ્વરૂપ હોય છે, જે ચૈતસિક સ્તરે નિશ્ચિત રીતે રચાએલું હોય છે, પણ મનોમય, પ્રાણમય કે શારીરિક સ્તરે હજી પૂરેપૂરું વિકસિત થએલ હોતું નથી. લોકો જેને આત્માનો આકાર સમજે છે તે તો આ જન્મનું કે ગત જન્મનું શારીરિક સ્વરૂપ હોય છે. તે દર જન્મે બદલાય છે. તે ચૈત્યપુરુષના ચૈતસિક-સ્વરૂપને મળતું હોતું નથી, પણ તેની રચનાની પ્રક્રિયાનો એક વચગાળાનો તબક્કો માત્ર હોય છે. જેમ માનવનું પૂર્ણ વિકસિત સ્વરૂપ અને તે ગર્ભરૂપે હતો તેનું સ્વરૂપ જુદું પડે છે, તેવી આ ઘટના છે.

(પૃ.૩૮ ઉપરથી)

વેદવિજ્ઞાન

૧ ૐ અદિતેનુમન્યસ્વ। (ગોભિગૃહ્ય. સૂ.૧-૩-૧)

હે આદ્યાશક્તિ અદિતિ આપ આ મારા જાગૃત થએલા ચૈત્યપુરુષની ઘટનામાં સંમતિ પૂરો (અનુમન્યસ્વ)

૨ ૐ અનુમતેનુમન્યસ્વ।

(ગોભિગૃહ્યસૂત્ર ૧-૩-૨) આદ્યાશક્તિને અનુસરનારી હે દૈવી-શક્તિઓ અર્થાત્ અધિમનસ શક્તિઓ (અનુમતે) આપ મારા આ જાગૃત થએલા ચૈત્યપુરુષની ઘટનામાં સંમતિ આપો (અનુમન્યસ્વ)

૩ ૐ સરસ્વત્યનુમન્યસ્વ (ગોભિગૃહ્ય સૂત્ર ૧-૩-૩)

હે જગતને પૂર્ણતા બક્ષનાર જ્ઞાન સ્વરૂપા મા સરસ્વતિ (સરસ્વતિ) આપ મારા આ જાગૃત થએલા ચૈત્યપુરુષની ઘટનામાં સંમતિ આપો (અનુમન્યસ્વ)

(ક્રમશઃ)

ભારતીય સંસ્કૃતિના પાયા

- શ્રી અરવિંદ

અવતરણો (પૃ.૩૬૫-૩૭૫)

રાજતંત્રનો પાયો - ધર્મ

પ્રકરણ - ૧૭

૧ ભારતીય રાજ્યતંત્રનું સ્વરૂપ સામાજિક જીવનની જીવંત (જૈવ - **organic**) સમગ્રતાની સાથે પોતાનો સંબંધ ધરાવતી અને તેના એક ભાગ તરીકે તેને જોઈએ. પૃ.૩૬૫

૨ સમાજનું જીવન (પણ) જન્મ, વૃદ્ધિ, યૌવન, પ્રૌઢતા અને હ્રાસની ઘટમાળમાંથી પસાર થતું. પૃ.૩૬૫

૩ પ્રત્યેક સમષ્ટિગત આત્મા વળી કાળમાં અભિવ્યક્ત થતા બૃહત્તર શાશ્વત પરમાત્માનું એક વાહક છે..... માનવજાતિમાં તે પોતાની પૂર્ણતા શોધી રહ્યો છે. પૃ.૩૬૫

૪ ભારતીય પ્રજાના જીવન, સંસ્કૃતિ અને સામાજિક આદર્શોને નિયંત્રિત કરનાર જે મુખ્ય વિચાર ચાલ્યો આવે છે તે છે માનવની પોતાની સાચી આધ્યામિક જાતની શોધ અને (તે માટે) જીવનનો ઉપયોગ. પૃ.૩૬૫

૫ ભારતે એ જોવાનું રહેશે કે તે પોતાના ભગવદ્દત્ત કાર્યને પૂર્ણ કરે; અર્થાત્..... જીવન અને આત્માની વચ્ચે સમન્વય સાધનાર..... વ્યવહારને પ્રતિષ્ઠિત કરે.પૃ.૩૬૬

૬ માનવ સમાજે..... વિકાસક્રમની ત્રણ અવસ્થાઓમાંથી પસાર થવાનું હોય છે : (૧) પ્રથમ અવસ્થા..... જીવનનાં સિદ્ધાંતો અને શક્તિઓની સ્વયંસ્ફૂર્ત ક્રીડા (૨) બીજો તબક્કો..... વધુ બૌદ્ધિક રીતે સભાન બનવું (૩) ત્રીજો તબક્કો..... તેનાં (આદર્શોનાં) સાચા મૂળ અને લક્ષણ..... સાચા સાધનો..... પરિસ્થિતિઓની તેને ભાળ લાગે છે.પૃ.૩૬૬

૭ પ્રત્યેક વ્યક્તિના પોતાના સ્વધર્મને **(the true law and norm of one's nature)** અનુસરવાથી રક્ષાય છે.પૃ.૩૭૧

૮ **સાર્વભૌમ સત્તા ધર્મની રક્ષક અને વહીવટકર્તા હતી. પૃ. ૩૭૩**

૯ **ધાર્મિકભાવ અને ધર્મના સ્મૃતિકારો રાજા અને પ્રજા સમગ્રની મોખરે રહેતા. પૃ. ૩૭૫**

સમજૂતી - માનસિંહ ચાવડા

સમગ્ર સામાજિક-જીવન તેનાં બધાં જ પાસાંઓ સાથે (આર્થિક, સામાજિક, ધાર્મિક, કૌટુંબિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને શૈક્ષણિક) જે રીતે જીવાતું તેના આધારે જ ભારતીય રાજતંત્રનું માળખું ગોઠવાએલું હતું અને તે જીવનમાં થતા ફેરફારોને તે તત્કાળ જવાબ પણ આપતું હતું.

સામાજિક-જીવનને પણ જન્મ, વૃદ્ધિ, યૌવન, પ્રૌઢતા અને વિનાશના તબક્કાઓમાંથી પસાર થવું જ પડે છે. સામાજિક-જીવનમાં પોતાને તરત નવપલ્લવિત કરી નવી પરિસ્થિતિને અનુરૂપ થવાની ક્ષમતા હોય જ છે. આ અનુકૂલન ક્ષમતા વડે સમાજ દ્વારા વ્યક્ત થતા બૃહત્ - આત્મતત્ત્વ - સમષ્ટિ સ્વરૂપ આત્મતત્ત્વ પણ પરમાત્માના અભિવ્યક્તિનું સાધન જ છે. માનવી વિકાસચક્રનાં વિકાસ અને પતન દ્વારા વૈશ્વિક આત્મતત્ત્વ પોતાની પૂર્ણતા જ શોધતું હોય છે. જ્યારે સમાજ આ આત્મતત્ત્વમાં સ્થિર થઈ - અંતરાત્મામાં રહીને ચડતી-પડતી - નિહાળવાની ક્ષમતા પ્રાપ્ત કરશે, ત્યારે તેને જીવનમાં ગ્લાનિ, થાક, તાણનો અનુભવ નહિ આવે. તે પરાજય નહિ સ્વીકારે. વિનાશ વગર પણ સતત પ્રગતિ શક્ય છે. વિકાસ અને વિનાશ આ ચક્ર હાલના ઉત્ક્રાંતિના તબક્કાની એક વિશેષતા છે પણ તે એક અફર નિયમ નથી.

ભારતીય-પ્રજાના વિકાસમાં અંતરાત્માની સભાનતા હોવાથી જ ભારતીય-સંસ્કૃતિ અનેક પતનો પછી પણ હોમા પક્ષીની જેમ જીવંત બની ગઈ છે. ભારતીય સંસ્કૃતિ અધ્યાત્મ-પ્રધાન છે એ જ તેની ચિરંજીવિતાનું રહસ્ય છે. સમાજ અને વ્યક્તિ, વ્યષ્ટિ અને સમષ્ટિ બન્ને પૈકી એકને અતિમહત્ત્વ ભારતે આપેલ નથી. આત્માની અભિવ્યક્તિ માટે ''આત્માર્થે પૃથિવીં ત્યજેત્'' એ જ તેની ભાવના રહી છે. તેથી નિરંકુશ વ્યક્તિવાદ (કેપિટાલિઝમ) અને નિરંકુશ સમાજવાદ (કમ્યુનિઝમ્) બન્ને તેને માટે વિકાસના ખોટા માર્ગો છે. બન્નેનો આત્મ-વિકાસમાં, ચેતનાના વિકાસમાં સુમેળ સાધવો એ જ 'મુરારેશ્ચ તૃતીયઃ પંથઃ' છે. ભારત મધ્યમ-માર્ગી છે, સામાજિક જીવન દ્વારા તેણે કલા, સાહિત્ય, વિજ્ઞાન, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર (રાજ્યશાસ્ત્ર), સમાજશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને

અધ્યાત્મશાસ્ત્રોમાં ખૂબ જ ઊંચી ઊંચાઈઓ સર કરી છે છતાં તેના અનેક અખતરાઓ અયશસ્વી થયાં પણ છે.

ભારત માને છે કે તેને પ્રભુએ એક કાર્ય સોંપેલું છે. તે છે આત્મતત્ત્વ અને જીવન બન્નેમાં સુસંવાદ અને સમન્વય સાધી દિવ્ય-જીવનને પ્રત્યક્ષ કરવું. આ માટે ભારતની શિક્ષણનો સર્વમાન્ય પ્રાચીન હેતુ માન્ય કરી આજની વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ શિક્ષણ વ્યવસ્થા વિકસાવવાની જરૂર છે. પ્રજ્ઞાશક્તિનું જાગરણ એ શિક્ષણનો હેતુ હતો. પ્રજ્ઞાશક્તિ પ્રભુની શક્તિ છે. તે જ્ઞાન સ્વરૂપ પણ છે અને કર્મ કરવાની ક્ષમતા સ્વરૂપ પણ છે. તેમાં બાહ્ય પરિસ્થિતિને અનુરૂપ થઈ પોતાનો ઉદ્દેશ પૂર્ણ કરવાની જન્મજાત ક્ષમતા છે. તે વૈજ્ઞાનિક-શોધો માટે, આધ્યાત્મિક-શોધો માટે સામાજિક-જીવનનાં બધા જ આર્થિક, ધાર્મિક, રાજકીય, માનસિક પાસાંઓના સુયોગ્ય સંચાલન માટે જરૂરી છે. તે મૂળભૂત સત્ય-શોધક સત્યજ્ઞાન મેળવવાની ક્ષમતાસ્વરૂપ છે. તે આંતરપ્રેરણા, બુદ્ધિ, ભાવનાઓ, ઈચ્છાઓ, કર્મો દ્વારા પોતાને પ્રગટ કરી શકે છે. પડદા પાછળ રહીને કાર્ય કરવાની તેને ટેવ છે પણ પ્રગત અવસ્થામાં પ્રગટ રીતે અગ્રભાગે આવીને પણ કાર્ય કરે છે. આ મૂળભૂત ક્ષમતા માનવ પ્રાપ્ત કરશે તો તે જીવનનાં બધા કોયડાઓનો ઉકેલ લાવી આત્મતત્ત્વ અને જીવનને સુસંવાદમાં ગોઠવી ભૌતિક સ્તરે દિવ્ય-જીવન નિર્માણ કરી શકશે.

પ્રજ્ઞાનું જાગરણ એ જ માનવ-જાતિનો પ્રાણપ્રેરક મંત્ર છે. ફક્ત પ્રજ્ઞા-શક્તિ જ વિશ્વાત્માને સમાજ અને વ્યક્તિદ્વારા પ્રગટ કરવા શક્તિમાન છે. પ્રજ્ઞાશક્તિ આપણી માનસિક-ક્ષમતાઓથી પણ ઊર્ધ્વમાં હોવાથી તેને શ્રી અરવિન્દ અતિમનસ-શક્તિ કહે છે.

માનવસમાજ પ્રજ્ઞા-શક્તિ દ્વારા જે વિકાસ સાધશે તેના ત્રણ તબક્કા હશે :

૧ પ્રથમ તબક્કામાં આંતરપ્રેરણાઓ દ્વારા પ્રજ્ઞાશક્તિ સામૂહિક-જીવનને ઘાટ આપશે અને તેવી સામાજિક-પ્રવૃત્તિઓને વિકસાવશે. આ એક સહજ, સ્વાભાવિક જીવંત વિકાસનો તબક્કો બની રહેશે. તેમાં લોકોની આંતરસૂઝ પ્રબળ રીતે કામ કરે છે. બૌદ્ધિક કે સૈદ્ધાંતિક ચિંતનના આધારે આયોજન કરેલું હોતું નથી. કારણ બુદ્ધિ હજી પ્રજ્ઞા-શક્તિથી પૂરેપૂરી સંચાલિત થએલી હોતી નથી. પણ સરલ-ચિત્ત દ્વારા જ પ્રજ્ઞાશક્તિ જીવનનું સંચાલન કરે છે. લોકો ચિત્તની, હૃદયની ભાષા જાણે છે; બુદ્ધિની નહિ. વૈદિક ઉપનિષદ કાળ આવો હતો.

૨ બીજા તબક્કામાં પ્રજ્ઞા-શક્તિ બુદ્ધિને શુદ્ધ કરીને તેને પોતાના કરણ અને સાધન તરીકે વિકસાવે છે. વિવેચનાત્મક, તર્કસંગત રીતે પ્રજ્ઞાની આંતર-

પ્રેરણાઓને સમજાવવામાં આવે છે. ભારતીય દર્શનશાસ્ત્રોનો, સૂત્રોનો, સ્મૃતિઓનો કાળ આવો હતો. આ કાળમાં ઉચ્ચ આદર્શો માનવને બધી નિમ્ન કામનાઓથી ઊર્ધ્વમાં લઈ જવાની ખાતરી આપે છે. જીવનના ઉજ્જવળ આદર્શોનો આ કાળ હોય છે.

૩ ત્રીજા તબક્કામાં પૂર્વાધમાંની ઉજ્જવલ આદર્શોની સાચી પ્રેરણાઓ ધીમે ધીમે અદૃશ્ય થાય છે. તેને સ્થાને તે આદર્શો પોતે જીવનમાં રાખે છે એવો ઠસાવવાનો દંભ આચરવામાં આવે છે. જીવનનાં બાહ્યાંગને વધારે મહત્ત્વ અપાય છે. બુદ્ધિ બીજા તબક્કામાં નિર્માણ થએલી જીવંત સામાજિક રૂઢિઓને બહારથી પાળે છે પણ અંદરથી તેમાંથી છટકબારી શોધી સગવડીયો ધર્મ શોધી લે છે. બાહ્યકર્મકાંડને વધારે મહત્ત્વ અપાય છે. મુક્ત અને જીવંત આત્માની અભિવ્યક્તિ નાશ પામે છે. જીવનમાં સત્ત્વ રહેતું નથી. આ પૂર્વાર્ધ બાદ ફરીથી આત્મતત્ત્વ ગૂંગળામણનો વિરોધ કરતું જાગી ઊઠી પ્રજ્ઞા-શક્તિ, ચિત્તની શક્તિ જાગૃત થઈ નિર્જીવ આદર્શો અને પ્રતીકોનું સાચું મૂળ શોધે છે. સાચો અર્થ શોધે છે. માનવો ફરી પ્રથમ તબક્કાના ઊંડાણને સ્પર્શે છે. તેમાં વધારો કરે છે. તેને કાલાનુરૂપ ગોઠવે છે, જીવંત બનાવે છે. આવી જીવંતતા ત્યારે જ પ્રગટે છે જ્યારે માનવ-પ્રકૃતિ સ્વતંત્રતામાં, સદ્‌ભાવનામાં, અધ્યાત્મિક આંતરપ્રેરણાઓમાં સહજ રીતે વિકાસ પામતી હોય અને શક્તિ મેળવતી હોય. તે ભાવિ વિકાસનો પાયો બની જાય છે. તે જાણે સમાજનો કાયાકલ્પ હોય છે. સમાજમાંની ચૈતસિક ક્ષમતાઓ સમગ્ર સમાજમાં પ્રગટ થવા ઘસારો કરે છે.

ભારતીય સમાજ શાસ્ત્રીઓએ વિશેષતઃ મનુ અને અન્ય સ્મૃતિકારોએ પોતાનું દર્શન બૌદ્ધિક-આદર્શોને અનુસરીને લખ્યું નહોતું. પણ આ જે સહજ રીતે સામાજિક જીવન વિકાસ પામ્યું હતું, તેને ધ્યાનમાં લઈને જ (સ્મૃતિ) લખ્યું હતું. તેથી જ તેમને 'સ્મૃતિ' કહે છે. આને કારણે રાજવ્યવસ્થા અને અર્થવ્યવસ્થાનાં વિવિધ સ્વરૂપો સહજ રીતે વિકાસ પામ્યાં હતાં.

યુરોપમાં રાજ્ય-વ્યવસ્થા અને અર્થ-વ્યવસ્થાનો ઢાંચો બુદ્ધિએ સ્વીકારેલા આદર્શોનુસાર ઘડાયો છે. આવો પ્રકાર ભારતમાં દેખાતો નથી. દિવ્ય-જીવનને અનુરૂપ રાજ્ય-વ્યવસ્થા, અર્થ-વ્યવસ્થા, સમાજ-વ્યવસ્થા, ધર્મ-વ્યવસ્થા હોવી જ જોઈએ; એ મૂળભૂત સિદ્ધાંત જાણે ભારતીય સંસ્કૃતિમાં વણાઈ ગએલો છે.

યુરોપમાંના બૌદ્ધિક-આદર્શવાદ અનુસાર રચાએલી સરકાર અંતે અમલદારશાહી અને અર્થવ્યવસ્થા શોષણવ્યવસ્થામાં ફેરવાઈ ગઈ છે. આ રોગ યુરોપમાં જેટલો ઝડપી ઔદ્યોગિક ક્રાંતિ પછી વધ્યો તેટલો ઝડપી ભારતમાં વકર્યો

નહોતો. બ્રિટિશ શાસન દરમિયાન તેને પોષણ મળ્યું.

ભારતીયોએ જે આદર્શો રચ્યાં તે ચિત્ત-શક્તિનાં આધારે, પ્રજ્ઞા-શક્તિ જે ચિત્ત દ્વારા પ્રગટ થાય છે તેના આધારે રચ્યાં છે. બુદ્ધિને પ્રજ્ઞાની દાસી બનાવી કામ લીધું છે. વ્યક્તિ (વ્યષ્ટિ) પણ બ્રહ્મ જ છે અને સમાજ (સમષ્ટિ) પણ બ્રહ્મ જ છે. એ ચૈતસિક જ્ઞાનનો મૂળભાવ રહ્યો હતો. નર અને નારાયણ બન્ને બ્રહ્મ છે એમ તેઓ જણાવે છે. દરેક વ્યક્તિના પ્રકૃતિધર્મની વિશેષતાને ધ્યાનમાં લઈ તેની મારફત દિવ્ય-ચેતનાનો વિશિષ્ઠ આવિર્ભાવ કરવાનો છે તે જ તેનો સ્વ-ધર્મ (true law) છે. તેમાંથી જ સાચો સહજ, નૈસર્ગિક, ઓછા અવરોધે ચેતનાનો વિકાસ થાય છે એમ ઋષિઓ જણાવે છે. જ્યારે સમગ્ર સમાજ આવી રીતે સહજ રીતે વિકાસ પામતો, તેને તેઓ સત્યયુગ કહેતા. સત્યયુગ એટલે એવો જેમાં વ્યક્તિ અને સમાજ બન્ને આત્મતત્ત્વનાં મૂળભૂત સ્વરૂપને, સ્વભાવને, સત્યને સુસંવાદી રીતે પ્રગટ કરવાની ક્ષમતા ધરાવે છે. તે યુગનો રાજા આ આત્મતત્ત્વની સ્વાભાવિક અભિવ્યક્તિમાં આવતા અવરોધોને ડામવાનું, નાશ કરવાનો, મારી હટાવવાનો પ્રયત્ન કરતાં હતાં. તેને તેઓ પોતાનો રાજ-ધર્મ કહેતા. રાજા વહીવટકર્તા હતો. માલિક નહોતો ગણાતો.

પણ માનવ-પ્રકૃતિમાં અને સમાજની પ્રકૃતિમાં ઉતાર-ચઢાવ આવતા જ હોય છે. આ આદર્શ વ્યવસ્થા જેમ જેમ વધુ ને વધુ કથળતી જાય છે, તેમ દ્વાપર, ત્રેતા અને અંતે કલિયુગ આવે છે. કલિયુગ એટલે કલહયુગ, જેમાં વ્યક્તિ અને સમાજ પોતાના સ્વાર્થ સિવાય કાંઈ જોતો નથી. જોરૂકાની હકૂમત ચાલે છે. જંગલરાજ નિર્માણ થાય છે. આ આત્મતત્ત્વની અભિવ્યક્તિમાંની સ્થગિતતાને જ ધર્મની ગ્લાનિ કહેતા. ફરી આત્મતત્ત્વ આ ધર્મગ્લાનિ નિવારવા ઉછાળો મારે છે અને પ્રજ્ઞાનો યુગ શરૂ થાય છે. સત્યયુગ ફરી નિર્માણ થાય છે. આમ આત્માની અભિવ્યક્તિ અર્થાત્ ધર્મને જ પ્રાધાન્ય આપવામાં આવતું હતું. તે જ વ્યક્તિ અને સમાજનું રક્ષણ કરે છે, એવી ભારતીયોની નિષ્ઠા હતી. ''ધર્મો રક્ષતિ રક્ષિતઃ।'' એ તેમની માન્યતા હતી.

આ ધર્મની સમજણ માટે આશ્રમો હતા જ્યાં આધ્યાત્મિક-જીવન અને પ્રજ્ઞા - જાગરણના પાઠ ભણાવવામાં આવતા હતા.

યોગમાર્ગોનો સમન્વય

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૫ (ચાલુ)

યોગની પ્રણાલીઓ

સમજૂતી - માનસિંહ ચાવડા

રાજયોગ

રાજયોગ માનસિક ચેતનાનું ઉગમસ્થાન ચિત્તનો સંયત કરવા ઉપર સીધેસીધું કાર્ય કરે છે. ચિત્ત એ જ આપણી બધી પ્રવૃત્તિઓનું ઉગમસ્થાન છે. તેથી તે ''રાજા'' છે અને તેથી જ આ યોગને રાજયોગ કહ્યો છે. આત્મતત્ત્વ પોતે રાજા હોવા છતાં તેના સેવકો મન, પ્રાણ, શરીરે માથાભારે થઈને તેને ગુલામ બનાવી દીધો છે. તે આત્મા-રાજાને ફરી સત્તાધીશ બનાવવો એ અર્થમાં પણ આ ''રાજયોગ'' નામ સાર્થક છે.

રાજયોગમાં મન, ઈન્દ્રિયોની વૃત્તિઓને પ્રથમ શાંત પાડી દેવામાં આવે છે, જેથી ચેતના ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરે. આ નિમ્નગતિઓમાં અટવાઈ ન જાય. શરીરના નાડીતંત્રને શુદ્ધ અને નિરામય કરવા તે હઠયોગનો ઉપયોગ જરૂર કરી લે છે, પણ તેની અટપટી વિધિમાં રાજયોગ ઉતરતો નથી. તે પોતાની વ્યક્તિગત-ચેતના સ્વરૂપ કુંડલિની શક્તિને જાગૃત કરવા પણ હઠયોગનો ઉપયોગ કરી લે છે. આ કુંડલિની શક્તિ જ વ્યક્તિગત ઊર્જાનો ભંડાર છે.

રાજયોગનું ધ્યેય ચિત્તને શાંત કરીને સમાધિ પ્રાપ્ત કરવાની છે જ્યારે માનવની સમજણ 'ધિ:' જ્ઞાતાજ્ઞેયજ્ઞાનની ત્રિપુટીના ભેદોને વટાવી બધાંમાં એક જ તત્ત્વ તરીકે સમાન રીતે ગતિ કરવા લાગે છે, ત્યારે સમાધિ પ્રાપ્ત થાય છે. સમાધિ આ કૈવલ્યનું સાધન છે. કૈવલ્ય એટલે જ ઉપરના ત્રિપુટી - ભેદને વટાવી એકરસતામાં, કેવળ એક શુદ્ધ અસ્તિત્વમાં જ સ્થિર થવું.

રાજયોગના નીચેના ફાયદા છે :

૧ ચિત્તની પોતે સર્જેલી મર્યાદાઓ ભાંગી પડીને તે ઉચ્ચ ચેતનાના પ્રદેશમાં પ્રવેશ મેળવે છે. તેના પ્રતિબિંબને ધારણ કરી તેની સાથે એકરૂપતા સધાય છે. આ એકરૂપતામાં જ્ઞાનના સંવેદન (જેને શબ્દ કહે છે તે), અર્થ ગ્રહણ (ઓળખાણ, સ્મૃતિ) અને અંતે અનુભવ (પ્રતીતિ) આ ત્રણે તબક્કા એકરૂપ થઈ જાય છે અને

ફક્ત પ્રતીતિ, પ્રત્યય જ અનુભવાય છે. આ જ કૈવલ્ય છે.

૨ બીજો ફાયદો એ છે કે પ્રકૃતિ જે રીતે વ્યક્તિમાં કાર્ય કરે છે તેની સ્પષ્ટ સમજણ મળે છે.

૩ ત્રીજું એકાગ્રતાની તીવ્રતા હાંસલ કરે છે જેને ધ્યાન કહ્યું છે.

૪ વિશ્વાતીત ગૂઢજ્ઞાન આંતરપ્રેરણાથી મેળવવાની ક્ષમતા વિકસે છે, વેદો પોતાના વિષેના ક્ષેત્રને 'સ્વરાજ્ય' કહે છે. બ્રહ્માંડના ક્ષેત્રને 'સામ્રાજ્ય' કહે છે. રાજયોગી આ બન્ને ક્ષેત્રમાં પાવરધો બની જાય છે.

૫ માનસિક જીવનની પૂર્ણતા લાવે છે જે હઠયોગમાં હોતી નથી.

રાજયોગની ખામીઓ પણ નીચે મુજબની છે :

૧ સમાધિ મેળવવી સામાન્ય માનવને અઘરી લાગે છે.

૨ સમાધિ પ્રાપ્ત કરવાની પળોજણમાં સામાજિક-જીવન, બાહ્યજીવન એકાંતવાસમાં ફેરવાઈ જાય છે.

૩ ફક્ત સમાધિમાં જ પરમ-ચેતના સાથે સંપર્ક સધાય છે એવી સંકુચિતતા આવી જાય છે. ખરેખર જાગૃત સામાન્ય જીવનમાં જીવતા જીવતા પણ પરાત્પરનો સંપર્ક સાધી શકાય છે.

૪ રાજયોગ સમાધિનો ઉપયોગ સમગ્ર જીવનમાં કરવા માગતો નથી. તે સમાધિને જ અંતિમ લક્ષ્ય ગણે છે.

૫ રાજયોગની પ્રક્રિયાઓ અટપટીને અઘરી પણ છે જ.

જ્ઞાન, ભક્તિ, કર્મયોગ :

જ્ઞાન, ભક્તિ, કર્મયોગનો માર્ગ રાજયોગથી થોડો જુદો પડે છે. તેમાં જ્ઞાનયોગમાં સંકલ્પશક્તિને, ભક્તિયોગમાં હૃદયને અને કર્મયોગમાં બુદ્ધિથી કેળવેલ જીવનદૃષ્ટિના ઉપયોગ ઉપર ભાર મૂકવામાં આવે છે. તેમાં પ્રભુ ઉપર એકાગ્રતા સાધીને તેમના સામાન્ય ધર્મોનું રૂપાંતર કરવામાં આવે છે અને તેમને સામાન્ય જીવનમાં વાપરવામાં આવે છે.

પણ આ ત્રિવિધ યોગમાર્ગમાં નીચેની ખામીઓ પણ છે :

૧ શરીર અને પ્રાણની પૂર્ણતા તરફ તે ઓછું ધ્યાન આપે છે.

૨ ચિત્તની પવિત્રતાને જ ચિત્તશુદ્ધિ યોગસાધનાનું એકમેવ અંગ ગણવામાં આવે છે. સમગ્ર ક્ષમતાઓ કે તત્ત્વોને નહિ.

૩ સંકલ્પશક્તિ, હૃદય અને બુદ્ધિમાંથી એકને જ સાધન તરીકે વાપરે છે. તેમનો સમન્વય કરી સંયુક્ત રીતે વાપરતાં નથી.

ઉપરનાં ત્રિવિધ યોગપ્રણાલિના આંતરિક-સ્વરૂપોને સમજી લેવાની જરૂર છે.

જ્ઞાનયોગ - જ્ઞાનયોગ એક અદ્વિતીય એવા પરમાત્માનો સાક્ષાત્કાર કરવા મથે છે. તે માટે વિચારની શક્તિને ચિંતનમાં પ્રયોજે છે. આંતર અવલોકન કરી વિવેકદ્વારા ખોટી વૃત્તિઓને નકારે છે. તેમની સાથે રસ લઈ એકરૂપ ન થતા સાક્ષીભાવ રાખે છે. આને જ આત્મ-અનાત્મ વિવેકભાવ કહે છે. નામરૂપોની વિવિધતાને 'માયા' ગણે છે. અક્ષર, અચલ, નિરાકાર આત્મતત્ત્વ સાથે એકરૂપતા સાધે છે. આત્મા અને પરમાત્મ તત્ત્વની એકરૂપતામાં સ્થિર થઈ જાય છે.

જ્ઞાનયોગની ત્રુટિઓ નીચે મુજબની છે :

૧ તે પરમાત્મ તત્ત્વના નિષ્ક્રિય પાસાને જ મહત્ત્વ આપે છે, સક્રિય પાસાને નહિ. સક્રિય પાસાને પ્રભુની લીલા તરીકે અનુભવવી જરૂરી છે.

પ્રભુ તો નિષ્ક્રિય અને સક્રિય બન્ને સ્વરૂપે રહેલ છે અને તેથી પર પણ છે.

ભક્તિયોગ : પ્રભુના આનંદ અને પ્રેમસ્વરૂપની ઉપર તે ભાર મૂકે છે. તેને વિશ્વનાથ, વિશ્વંભર, વિશ્વાધાર ગણે છે. જગતને પ્રભુની લીલા ગણે છે. માનવી ભાવોને સંસાર તરફથી પાછા વાળી પ્રભુ તરફ વહેવાડવાનો તે પ્રયત્ન કરે છે. તે માટે પૂજા, પાઠ, ધ્યાન, જપનો ઉપયોગ કરે છે. તે પ્રભુને પ્રેમી ગણે છે પણ તેને વેરી તરીકે ભજવાની વિરોધીભક્તિ પણ માન્ય રાખે છે. વિરોધ પ્રેમનું જ વિકૃત સ્વરૂપ ગણે છે. ભક્ત પણ પોતાનાં ભાવવિશ્વમાં રહેતો હોવાથી જગતથી જુદો પડી જાય છે.

ભક્તિયોગની નીચેની ત્રુટિઓ છે :

૧ તે સંસારમાંથી અલગ થવા માંગે છે પણ આ ત્રુટિને જીતવાનો માર્ગ ભક્તિયોગમાં જ છે. આત્મા-પરમાત્માની દિવ્યલીલામાં સમાજને પણ ભેળવી તે ભક્તોમાં પરસ્પર પ્રેમ જાળવી શકે છે. ભક્તો પણ તે લીલાનાં અન્ય પાત્રો હોય જ છે. બીજો ઉપાય પણ ભક્તિયોગમાં જ આપેલો છે. તે માનવેતર પ્રાણીઓમાં પણ પ્રભુની લીલા નિહાળવા પ્રયત્ન કરે છે, તેથી તે સમગ્ર બહ્માંડના જીવન સાથે તાળમેળ ગોઠવવાની ક્ષમતા આપે છે. તે દિવ્ય-પ્રેમ દ્વારા જીવનનું રૂપાંતર કરવા સક્ષમ છે.

કર્મયોગ - કર્મયોગમાં માનવી-જીવનની દરેક પ્રવૃત્તિને ઈશ્વરાર્પણભાવથી કરવામાં આવે છે. અહંપ્રધાન હેતુઓનો ત્યાગ કરવામાં આવે છે, તેથી આપણી પ્રવૃત્તિઓ ખરેખર પ્રભુ જ કરે છે, વિશ્વશક્તિઓ જ કરે છે; તેનો અનુભવ થાય છે. વિશ્વશક્તિઓનો સ્વામી પ્રભુ જ આપણો નિયંતા છે અને અધિષ્ઠાતા છે. આપણું

વ્યક્તિસ્વરૂપ તો તેના કાર્યનું એક સક્રિય કેન્દ્ર માત્ર છે, નિમિત્ત માત્ર છે. તેથી ધીમે ધીમે આપણા કર્મોનું સંચાલન પ્રભુ અથવા મા જગદંબાને સોંપી દેવામાં આવે છે. તેથી સંસારની મલિનતામાંથી મુક્તિ મળે છે અને પ્રભુ સાથેની એકરૂપતા - બ્રહ્મનિર્વાણ સધાય છે અને તે માટે સંસારમાંથી અલગ રહેવાનું કર્મયોગી પણ પસંદ કરે છે.

કર્મયોગની ત્રુટિઓ નીચે મુજબની છે :

૧ જગતના ભૌતિક જીવનથી અલિપ્ત રહેવાની ટેવ માટે કર્મયોગ પોતે જ એક ઉપાય સૂચવે છે. સંસારની દરેક પ્રવૃત્તિમાં પ્રભુ જ પ્રવૃત્તિ કરી રહ્યો છે, તે જ અહંકારથી પર રહી વિહાર કરી રહ્યો છે, એવો ભાવ કેળવવો જરૂરી છે; જેથી સંસારમાંથી ભાગી છૂટવાની જરૂર ન રહે.

આ ત્રણે માર્ગનો સમન્વય કરી શકાય છે :

૧ ભક્તિયોગ દિવ્યપ્રેમ દ્વારા પ્રભુને પ્રાપ્ત કરે છે, પણ સાથે સાથે તે પરમ-પ્રેમીનું જ્ઞાન પણ મેળવી જ લે છે. જે જ્ઞાનયોગ બની જાય છે, તે પ્રેમ કર્મો દ્વારા પ્રગટ કરીએ તો તે કર્મયોગ બની જાય છે.

૨ પૂર્ણજ્ઞાન અંતે તો પૂર્ણ આનંદ તરફ લઈ જાય છે. આનંદ એટલે પોતાની જાત ઉપર જ પ્રેમમાં મગ્ન રહેવું. તેથી અહીં જ્ઞાનયોગ અને ભક્તિયોગનો સમન્વય થાય છે તેમ જ સમગ્ર જગતના સ્વામી પ્રભુનું જ્ઞાન અને પ્રેમ જ પ્રભુના કાર્યો કરવા તરફ પ્રેરે છે, જે કર્મયોગ બની જાય છે.

આ રીતે આપણે પરમ-પ્રભુનું જ્ઞાન, તેનું પ્રેમ અને તેની સેવાની ક્ષમતા એકી સાથે મેળવી શકીએ છીએ. આ જ ત્રિયોગોનો સાચો સમન્વય છે.

(પૃ.૩ ઉપરથી)

સમય પાકી ગયો છે

આયોજન અનુસાર અવનવા રૂપો ઘડવાનો મોકો મળે છે. આવો સમય પાકી ગયો છે એવું માતાજીને જણાવવામાં આવ્યું છે અને તેથી નવા આત્માઓ પોતાની દિવ્ય-પ્રકૃતિ સાથે જન્મ લઈ રહ્યાં છે તેની માતાજીને જાણ છે.

આ દિવ્ય-આત્માઓ પ્રત્યે લોકો ખૂબ જ અહોભાવ દર્શાવે છે, પણ માતાજી જાણે છે કે જેઓ પ્રભુની હાજરીમાં રહેતા હોય તેઓ આંતરિક રીતે જાણતા હોય છે કે પ્રભુના અનંત આયોજનના એક નગણ્ય આયોજન તરીકે આ બધું થઈ રહ્યું છે. પ્રભુનું પૂરેપૂરું આયોજન હજી પ્રગટ થએલ નથી. નાટકનું આ તો મધ્યંતર માત્ર છે.

આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન જુલાઈનાં ૨૦૧૦ના Next Futureનો સાર - સાભાર)

પ્રભુનાં અબુધ બાળકો (Prodigal Sons)

ઘણી વખત અન્ય જીવના પાલનપોષણની જવાબદારી ઘણા લોકો ઉપર આવી પડે છે - પછી તે ભલે બાળક, કૂતરો, બિલાડી, પક્ષી કે વનસ્પતિ હોય. પણ લગભગ આવા જીવ તરફથી થતા બળુકા વિરોધથી માણસને જીવનમાં વિષાદ જન્મે છે. વનસ્પતિ જુદી રીતે વધે, પક્ષી જિદ્દી બને, કૂતરો કરડવા દોડે, ને બાળક મગજને ચક્રાવે ચડાવે. આવા પ્રસંગે પોતાની સ્વતંત્ર ઓળખાણ જાળવવી જરૂરી છે, એમ કહેવાય છે. આવી ઘટના પુખ્તતા પ્રાપ્ત કરવાની નિશાની બની જાય છે. પ્રકૃતિ અનુસાર આનો સમયગાળો લાંબોટૂંકો નક્કી થાય છે. આવે વખતે સહનશીલતા અને આશા, વિશ્વાસ અને પ્રાર્થનાઓની ઘટના બનતી હોય છે.

પ્રભુ સાથેનો આપણો સંબંધ આવો જ છે. કોઈક વખત સ્વૈર, તો કોઈક વખત સમસમતો, કોઈ વખત જિદ્દી. તે આપણને અંતર્મુખ થતા, પુખ્ત થઈ સમયની પેલેપાર જોતા શીખવવા માંડે છે. કોઈક વખત આપણે તેવું કરીએ છીએ, કોઈ વખત માથાભારે થઈ પોતાની જ ઘોર ખોદીએ છીએ. પ્રભુ સાચો માર્ગ બતાડે છે, ને આપણે બીજા રવાડે ચડી જઈએ છીએ. તે ઉદારતાથી પ્રકાશ પાથરે છે, ને આપણે અંધારીયા ખૂણે લપાઈએ છીએ - અનેક કારણો છે આવાં. પોતાની અણઆવડત જાણી સુધારી લેનારા છે. તેઓ સમજણ, જ્ઞાન, સાચા તર્કનો આશરો લે છે. પણ આપણા પૈકી થોડાક દાંત કચકચાવે છે. ભારંભાર અસંતોષથી એકલવાયુ જીવન જીવે છે અથવા અણસમજણનાં ડાબલાં શોખથી પહેરી રાખે છે. તેઓ સુધરવા માંગતાં જ નથી.... પણ પ્રભુ ધીરજથી તેમની વાટ જોતો હોય છે.

સુંદર કથાઓ

- માતાજી

સમજૂતી - માનસિંહ ચાવડા

ધર્મની મર્યાદા

(પેજ - ૯૦-૯૧)

કાશીનો રાજા. તેને ચાર રાજકુમાર. બધાને ખાખરાનું ઝાડ જોવાની ઈચ્છા થઈ. બધાએ સારથિને કહ્યું : ''અમને બતાવો''.

''જરૂર બતાડીશ, ગોઠવાશે તેમ એક એકને લઈ જઈશ.''

''ભલે''.

થોડા દિવસ પછી મોટા રાજકુમારને જંગલમાં લઈ જઈ ખાખરાનું ઝાડ બતાડ્યું. તે પાનખર ઋતુ હતી. ઝાડ ઉપર ન પાન, ન ફૂલ, ફક્ત સૂકું થડ. થોડાક દિવસ પછી બીજા રાજકુમારને બતાડ્યું, ત્યારે ઝાડ નવા પાનથી લીલુંછમ લાગતું હતું. થોડાક દિવસ પછી લાલલાલ ફૂલો છવાઈ ગયાં હતાં તેના ઉપર. તે ત્રીજાએ જોયું. સહુથી નાનાને બતાડ્યું ત્યારે તે ફળથી લચી પડ્યું હતું. એક દિવસે ચારે રાજકુમાર વચ્ચે આ ખાખરાના ઝાડનો વિષય નીકળ્યો. ચારે જણાનાં તે બાબતમાં ચાર મત પડ્યાં, છેલ્લે તેઓ પોતાના પિતા પાસે ગયા, તેઓ બધી વાત સમજી ગયાં. તેઓ બોલ્યાં : ''ખાખરાનું દરેક ઋતુમાં જુદું જુદું જ સ્વરૂપ હોય છે. ફક્ત એક જ રૂપ હોતું નથી. તમે બધા જ સાચા છો પણ તમારું સત્ય અર્ધ-સત્ય જ છે.''

સત્ય પણ આ ખાખરાના ઝાડ જેવું છે. તેનાં અનેક સ્વરૂપો અને પાસાં હોઈ શકે છે. ધર્મો પેલા રાજકુમારોની જેમ અર્ધ સત્યને પૂર્ણ સત્ય સમજી બેઠાં છે.

સત્યનાં અનંત સ્વરૂપો છે. સાચા સત્યને સમજવા ધર્મોથી પણ પર જવું પડે છે.

શું આપણે સંપૂર્ણ સત્ય જાણવું ન જોઈએ ?

ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

યાજ્ઞવલ્કયનું બ્રહ્મજ્ઞાન

પ્રકરણ-૨૦ (બૃહદારણ્યક - ૩-૧)

વિદેહ દેશના રાજા જનકની ધર્મસભાની શરૂઆત થઈ. જનક રાજા ઊઠ્યા અને બોલ્યા, ''હે શ્રોતાજનો, તમારામાંથી જે સર્વ શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની હોય તે સામે દેખાતી હજાર ગાયો લઈ જઈ શકે છે. ગાયોનાં શીંગડે દશ દશ સુવર્ણમુદ્રાઓ ઝુલતી હતી. તે પણ તેની જ ગણાશે.''

સભામાં સોપો પડી ગયો. થોડીક પળો પછી યાજ્ઞવલ્કય ઊભા થયા. તેમણે પોતાના શિષ્યને કહ્યું, ''સોમશ્રવા, ગાયોને આશ્રમ ભેગી કરો.''

જનકરાજાનો હોતા અશ્વલ ઉકળી ઊઠ્યો, ''કેવી રીતે પોતાને સર્વશ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની કહેવરાવો છો?''

ઉશ્કેરાયેલા અન્ય બ્રાહ્મણોએ તેમાં હોંકાર ભણ્યો અને યાજ્ઞવલ્કય ઉપર પ્રશ્નોની ઝડી શરૂ થઈ: ''મૃત્યુની પાર કોણ જઈ શકે?'' અશ્વલે પૂછ્યું.

''બ્રાહ્મણ શ્રેષ્ઠ, યોગસાધન, યજ્ઞકર્તા યજમાન પોતામાં પ્રગટ થએલાં સત્યનાં પ્રકાશ દ્વારા અર્થાત્ અગ્નિ દ્વારાં અને તે અગ્નિમાંથી પ્રગટતી અભીપ્સારૂપ આંતરવાણી દ્વારા (વાક્) પોતાની ચેતનાને પરમ-ચેતનામાં વિલીન કરીને મૃત્યુની પેલે પાર જઈ શકે છે અને તેને પ્રથમ આસક્તિમાંથી મુક્તિ મળે છે પછી અજ્ઞાનમાંથી અતિમુક્તિ મળે છે.''

''મહર્ષિ, આપણું જીવન રાત અને દિવસથી મર્યાદિત છે. રાતદિવસને કેવી રીતે વટાવી જવાય? '' અશ્વલે બીજો પ્રશ્ન પૂછ્યો.

''હે અશ્વલ, જીવનને આ સ્વરૂપ આપનાર અધ્વર્યુ પ્રથમ થવું પડે અર્થાત્ પ્રથમ જીવનને સાધનામય બનાવો. યજ્ઞરૂપ બનાવો. તે પછી આત્મદૃષ્ટિ અર્થાત્ સર્વત્ર આત્મતત્ત્વને જોવાની દૃષ્ટિ ખીલવો. તે પછી આત્મતત્ત્વના પ્રકાશસ્વરૂપ આદિત્યને પોતાની ચેતનામાં ધારણ કરો, આમ અધ્વર્યુ ચક્ષુ અર્થાત્ આત્મદષ્ટિ અને આદિત્યની અર્થાત્ પોતાનાં સ્વરૂપમાં આત્મપ્રકાશની મદદથી સાધક કાલાતીત આત્મતત્ત્વ થઈને રાતદિવસને ઓળંગી જાય છે. અર્થાત્ અવચેતન અને પરા-ચેતનાના વારાફરતી આવતા ગાળાઓને વટાવી જવાય છે.

''આપણું જ્ઞાન મંડન-ખંડન સ્વરૂપ છે અર્થાત્ પ્રથમ કોઈ સિદ્ધાંત સિદ્ધ કરવો,

તેને મંડન અથવા પૂર્વપક્ષ કહે છે. તે પછી તે સિદ્ધાંતના વિરોધી સિદ્ધાંતો દર્શાવી તેનું ખંડન અથવા ઉત્તર-પક્ષ મૂકવામાં આવે છે. આપણી સમજણ પ્રયત્ન અને ભૂલની રીતે જ (trial and error) વિકાસ પામે છે. આમાંથી મુક્તિ મળી સીધેસીધું સત્યજ્ઞાન કેવી રીતે મેળવાય ?'' અશ્વલે ત્રીજો પ્રશ્ન પૂછ્યો.

''બ્રહ્મન્, યજ્ઞમાં જેમ ઉદ્‌ગાતા ભાવો નિર્માણ કરે છે તેમ જીવન-યજ્ઞમાં દિવ્યભાવો નિર્માણ કરો. તે ભાવોને હૃદયથી સ્વીકારો (પ્રાણ) અને તે મુજબ દિવ્યકર્મ કરવાની પ્રેરણા (વાયુ) પ્રાપ્ત કરો. આમ ઉદ્‌ગાતા, પ્રાણ અને વાયુ દ્વારા જ સીધેસીધું દિવ્યજ્ઞાન પ્રજ્ઞા જાગરણ થવાથી મળવા માંડે છે. જે સત્ય અને અચૂક જ હોય છે.''

''હે મહર્ષિ, આપણી કલ્પનાસૃષ્ટિ જે મનની આંખોથી જ જોવાય છે, તેને કોઈ ભૌતિક આધાર નથી. તે નિરાલંબ અર્થાત્ આધાર વગરની જ છે. સ્વર્ગ પણ આવી કલ્પના સૃષ્ટિ સ્વરૂપ જ છે, તો પછી ત્યાં જવાનો આધાર અને સાધન શું છે ?''

''હે બ્રહ્મન્, મન જે નકારાર્થી વિચારો દ્વારા બંધન નિર્માણ કરે છે તેને સકારાર્થી વિચારો કરતા કરી પહેલા હૃદયને શ્રદ્ધા અને વિશ્વાસથી ભરી દો. આવું મન જ જાણે કે બ્રહ્મા છે. જેમ યજ્ઞ કરાવનારાઓમાં બ્રહ્મા શ્રેષ્ઠ છે, તેમ જીવન યજ્ઞમાં આવું શ્રદ્ધામય મન મહત્ત્વનું છે. તે મનમાં દૃઢ સંકલ્પને વાવો કે તે સ્વર્ગ પ્રાપ્ત કરશે જ. આવી પ્રક્રિયા ઋતને જન્મ આપવા બરોબરની છે તેથી તે ઋત્વિજ છે. પછી પ્રકાશમય મનમાં (ચંદ્ર) તે સંકલ્પને વાવી દો, તો સ્વર્ગ નિશ્ચિત મળશે જ. આમ બ્રહ્મા, ઋત્વિજ અને ચંદ્ર દ્વારા જ સ્વર્ગ પ્રાપ્ત થાય છે. તે જ સ્વર્ગ પ્રાપ્તિના આધાર છે.''

''હે બ્રહ્મન્, પુરુષ સૂક્તમાં (મંત્ર-૧૩) કહ્યું છે કે સામાન્ય અજ્ઞાની મનમાંથી જ પ્રકાશમય મન ઉત્ક્રાંત થાય છે (ચંદ્રમા મનસોજાતા) આંતરદૃષ્ટિરૂપી ચક્ષુ ખુલતાં જ આત્માનો પ્રકાશસ્વરૂપ આદિત્ય જન્મે છે (ચક્ષોઃ સૂર્યો અજાયત્) મન્ત્રાત્મક ઉદ્‌ગારો દ્વારા જ આત્મશક્તિ રૂપ ઈન્દ્ર અને આત્મપ્રકાશ સ્વરૂપ અગ્નિ પ્રગટ થાય છે (મુખાત્ ઈન્દ્રાગ્નિશ્ચ) અને પ્રાણવાયુની શુદ્ધિ દ્વારા જ સમાનવાયુ (વિશાળતા) પ્રગટ થાય છે (પ્રાણવાયુરજાયત). સમાન વાયુ જ આત્મસાક્ષાત્કાર કરાવે છે, કારણ તે બ્રહ્મતત્ત્વની જેમ સર્વવ્યાપી છે.

આમ યજમાનમાંના વ્યક્તિગત વાક્ શક્તિમાંથી અગ્નિ, ચક્ષુમાંથી આદિત્ય અને પ્રાણમાંથી સમાન વાયુ આમ વ્યક્તિગત તત્ત્વોમાંથી ત્રણ વૈશ્વિક સ્વરૂપો પ્રગટ થાય છે.''

વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

વૈદિક કર્મકાંડ

વૈશ્વદેવ યજ્ઞ (૨)

આવી રીતે ચૈત્યાગ્નિને પ્રજ્જવલિત કર્યા પછી તેને રૂપાંતરની પ્રક્રિયા કરવા અભીપ્સાના જોરે દોરી જવાનો છે. શરીરનાં જે કોષો કે તત્ત્વો આ પ્રકાશને ગ્રહણ અને ધારણ ન કરતાં હોય તેમના ઉપર પ્રકાશને એકાગ્ર કરી તેમને આ પ્રકાશમાં જાણે હોમવાનાં છે. આને સમિધાકરણ કહે છે. સમિધા એટલે બળતણ. તે માટેનો નીચેનો મંત્ર છે, જાતવેદસ એટલે જન્મેલા આપણી બાબત બધું જાણનાર ચૈત્યપુરુષ. તે સ્વરૂપ અગ્નિમાં બધું હોમાય છે.

૧ ૐ અયંત ઈધ્મ આત્મા જાતવેદસ્તેન ધ્યસ્વ
વર્ધસ્વ ચૈદ્ધ વર્ધયચાસ્માન્ પ્રજયા પશુભિ
ર્બ્રહ્મવર્ચસે નાન્નાદ્યેન સમેધય સ્વાહા।
ઈદમ્ અગ્નયે જાતવેદસે ઈદં ન મમ॥

(આ.ગૃહ્ય. ૧-૧૦-૧૨)

હે ચૈત્યપુરુષરૂપી મારા જન્મનું રહસ્ય જાણનાર અગ્નિ (જાતવેદસ) શરીર, પ્રાણ, મનરૂપી મારા તત્ત્વો (આત્મા) તારું ઈંધન બની રહે (ઇધ્મ અયન્ત) તેથી પ્રજ્જવલિત થા (ધ્યસ્વ) વધતો જા (વર્ધસ્વ) તેમ જ અમારા અર્થાત્ યજમાન સાથે યજ્ઞકર્તા ઋત્વિજોનાં (અસ્માન્) શરીરનાં કોષો અને તત્ત્વોરૂપી પુત્રોને (પ્રજયા) અવચેતનના પ્રભાવરૂપી પશુતાના કુપ્રભાવથી (પશુભિઃ) બ્રહ્મની શક્તિરૂપી અતિમનસશક્તિથી (બ્રહ્મવર્ચસે) ન હવે આપના સંકલ્પને ધારણ કરનાર અન્નાદં (જયાં કોઈ કંપન નથી એવા જ્યોતિ સ્વરૂપ) અગ્નિમાં (અન્નાદ્યેન) ઈંધન બનાવો (સમેધય). હું આ આહુતિ તે માટે જાતવેદસ અગ્નિરૂપી ચૈત્યપુરુષને અર્પણ કરું છું (ઇદં અગ્નયે જાતવેદસે) હવે તે મારા અર્થાત્ અહંકારના રહ્યાં નથી (ઇદં ન મમ) (સ્વાહા શબ્દનો અર્થ છે સ્વં જિહાતિ ઈતિ. અર્થાત્ પોતાનું અહંકારજન્ય મર્યાદિત સ્વરૂપ ઓગાળીને પ્રભુના સ્વરૂપ સાથે એકરૂપ થવાની પ્રક્રિયા એટલે જ સ્વાહા)

२ **ૐ સમિધાગ્નિં દુવસ્યત ધૃતૈઃ બોધયતાં અતિથિમ્‌।**
આસ્મિન્‌ હવ્યા જુહોતન।
સુસમિદ્ધાય શોષિતે ઘૃતં તીવ્ર જુહોતન।
ઈદંમગ્નયે જાતવેદસે સ્વાહા।
ઈદમગ્નયે જાતવેદસે ઈદં ન મમ॥ યજુ (૩-૧ અને ૨)

આ ચૈત્યપુરુષરૂપી અગ્નિને (અગ્નિં) મન, પ્રાણ, શરીરરૂપી ઈંધનથી (સમિધા) પ્રજ્જવલિત કરો (દુવસ્યત) તેમ જ અચાનક સૂચના વગર ઊર્ધ્વમાંથી આવતી દિવ્યશક્તિરૂપી મહેમાનને (અતિથિમ્‌) શ્રદ્ધારૂપી ઘીથી (ધૃતૈઃ) વધારે સભાન કરો (બોધાયતાં). આ રીતે જાગૃત થએલા ચૈત્યપુરુષ અને આ દિવ્ય પ્રકાશ સ્વરૂપ શક્તિમાં (આસ્મિન્‌) ઉપરના ઈંધનોની આહુતિ (હવ્યા) સતત આપતા રહો (જુહોતન). આ આહુતિ ચૈત્યપુરુષ રૂપી અગ્નિને છે (ઇદં અગ્નયે જાતવેદસે). હવે તે મારા અર્થાત્‌ અહંકારનાં રહ્યાં નથી. (ઇદં ન મમ)

૩ **ૐ તન્ત્વા સમિદ્‌ભિરંગિરો ધૃતેન વર્ધયામસિ।**
બૃહચ્છો ચાયવિષ્ઠય સ્વાહા।
ઈદમગ્નયેંગિરસે ઈદં ન મમ॥

હે પ્રકાશમય ચૈત્યપુરુષરૂપી અગ્નિ (અંગિરો) તને મન, પ્રાણ, શરીરરૂપી ઈંધનથી (સમિદ્‌ભિઃ) તથા શ્રદ્ધારૂપી ઘીથી (ધૃતેન) વૃદ્ધિંગત કરીએ છીએ (વર્ધયામસિ) તે ચૈત્યપુરુષ નિત્યયુવાન (યવિષ્ઠય) અને (ચ) ઊર્ધ્વમાં ઊઠતી અભીપ્સાઓની અસંખ્ય જ્વાલાઓથી સમૃદ્ધ છે (બૃહુચ્છો). આ આહુતિ પ્રકાશવંત અગ્નિસ્વરૂપ ચૈત્યપુરુષ માટે છે (ઇદમગ્નયે અંગિરસે). હવે તે મારા અર્થાત્‌ અહંકારના રહ્યાં નથી (ઇદં ન મમ)

જો વિશ્વશક્તિઓને આ જાગૃત અને પ્રકાશધારક બનેલો અગ્નિ (ચૈત્યપુરુષ) અનુમતિ આપે તો જાગૃત બનેલો ચૈત્યપુરુષ તે અવસ્થાને વધારે વિકસાવી શકે છે. તેથી સમગ્ર વિશ્વની દિવ્યશક્તિઓ સાથે સંવાદમાં રહી તે આ ઘટનાનું જતન કરે માટે તેને વિનંતિ કરવામાં આવે છે. આ અનુકુળ ઘટના ત્યારે જ બને જ્યારે પરમ-ચેતનાનો તેવો સંકલ્પ હોય. પરમ-ચેતનાનું પ્રતિક જળ હોવાથી આ પ્રક્રિયાને 'જલ-પ્રસેચન' અર્થાત્‌ પરમ ચેતનાનું સિંચન કહેવામાં આવે છે. તેના મંત્રો નીચે મુજબનાં છે.

(પૃ.૨૩ ઉપર)

નવા શ્રી અરવિન્દ કેન્દ્ર

૧ શ્રી અરવિન્દ કેન્દ્ર - ખંભાળીયા
C/o. પ્રિન્સી નિર્મળાબેન ગોકાણી,
મધુ પાર્ક, ગાયત્રી સોસાયટી,
મુ.પો.ખંભાળીયા, જિ. જામનગર

૨ શ્રી અરવિન્દ કેન્દ્ર - ધંધુકા
C/o. પ્રભુભાઈ દલવાડી
સતવારા સોસાયટી,
રેલવે સ્ટેશન પાસે,
પો.ધંધુકા, જિ.અમદાવાદ

૩ શ્રી અરવિન્દ કેન્દ્ર - સુરત
C/o. શ્રી મહેષભાઈ જોષી
શ્રીમતી મીનાક્ષીબેન જોષી
સરકારી વસાહત,
ડી-૨-૮, રામનગર રાંદેલ રોડ,
સુરત - ૩૯૫૦૦૯

૪ શ્રી અરવિન્દ કેન્દ્ર - થાન
C/o. શ્રીમતી લીલાબા એમ. આર્ય
મંગલદીપ, મુ.પો.થાન,
જિ. સુરેન્દ્રનગર
ફોન : ૦૨૭૫૧ - ૨૨૧૦૦૨

૫ શ્રી અરવિન્દ કેન્દ્ર - મહુવા
C/o. મહાવીરસિંહ જાડેજા
૧૭, ગુજરાત હાઉસિંગ સોસાયટી,
પો. મહુવા, જિ.ભાવનગર

૬ શ્રી અરવિન્દ કેન્દ્ર - ખંભલાવ
C/o. શ્રી જિતેન્દ્રસિંહ ઝાલા
મુ.પો.ખંભલાવ, વાયા - લીંબડી,
જિ.સુરેન્દ્રનગર

૭ શ્રી અરવિન્દ કેન્દ્ર : ગઢકા
C/o. શ્રી વિક્રમસિંહ જાડેજા
વાયા - જામકલ્યાણપુર
જિ. જામનગર

૮ શ્રી અરવિન્દ કેન્દ્ર : માણસા
C/o. શ્રી કમલભાઈ પટેલ
મહાકાલી મંદિર પાસે,
માણસા - ૩૮૨૮૪૫
જિ. ગાંધીનગર

૯ શ્રી અરવિન્દ કેન્દ્ર : ભરૂચ
C/o. શ્રી જયેશભાઈ દેસાઈ
મહાદેવનગર,
કોલેજ કેમ્પસ પાછળ, ભરૂચ

૧૦ શ્રી અરવિન્દ કેન્દ્ર : હાંસોટ
C/o. શ્રી પુરુષોત્તમ પટેલ
ગોર્વધનનાથજીની હવેલી પાસે,
મુ,પો.હાંસોટ, જિ.ભરૂચ

૧૧શ્રી અરવિન્દ કેન્દ્રઃ અંકલેશ્વર
C/o. શ્રી જયેશભાઈ પટેલ
બોરવાડી, ભરૂચી નાકા, અંકલેશ્વર

સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૪૫-૪૭) અવતરણો

રોગ - નિવારણ પદ્ધતિ

1 The movement they (illnesses) touch the subtle body..... It is a sort of impression.... you have still the power to say "no" and it goes away..... All these things can be developed methodically by the will.P.44.

2 One can easily feel a kind of slight uneasiness..... a few minutes later you get a queer sick feeling inside....P.45

3 With a great strength of will keep the faith that-nothing can touch you..... concentrate and call the Force. Concentrate it on the place which is getting disturbed.P.45

4 .... In physical domain all is a question of method..... a method is necessary for realising call's the course with the help of spiritual forces.P.45

5 There are some four different stages (of method). The very first is instantaneous. The second can be done in a few minutes the third may take several hours and the fourth several days.P.45 (see point 2 and 3)

6 .... All will depend not only on the receptivity of the body but still more or the willingness of the part which is the cause of the disorder.P.45

7 If it (the sensation of uneasiness..... first stage) manages to pass through, to enter without one's being aware of it, it means there is an affinity somewhere, and it is this part of the being which has responded that must be convinced.P.45

8 The vital body surronds the physical body with a kind of envelope which has almost the same density as the vibration of heat which one can observe on a very hot day..... it is this which protects the body.P.46

9 Medical science also now recognies that if you are in perfect vital equilibrium you do not catch illness..... this inner harmony which keeps the envelope intact..... It is a capacity one can cultivate in one self..... calling to the force, of inner peace are sometimes enough for it to be set right, cured.P.46

10 ..... accidents occur when one has a sort of uncomfortable feelings..... the consciousness wide awake, accidents would not occur..... if the vital envelope is a little damaged, If the function perfectly and any current of force which passes through is enough to produce an accident.P.47

સમજૂતી - માનસિંહ ચાવડા

પ્રકરણ - ૪

આપણા ભૌતિક શરીરની આજુબાજુ અને તે શરીરમાં ઓતપ્રોત એક પ્રાણમય શરીર છે તે ઉકળતા પાણી ઉપર દેખાતી ઉપર જતી પારદર્શક વરાળ જેવું હોય છે. તે આપણું સાચું સંરક્ષણ કવચ છે. તેમાં પ્રવેશીને જ રોગનાં આંદોલનો આપણા સ્વરૂપમાં પ્રવેશે છે. જ્યારે રોગજંતુ કે આવા આંદોલનો આવા પ્રાણમય શરીરને સ્પર્શ કરે છે, ત્યારે એક પ્રકારની અસ્વસ્થતાનાં આંદોલનો આ સ્વરૂપ નિર્માણ કરે છે. તે ખરેખર તો આપણે એકાગ્ર થઈને આપણી પ્રતિકારશક્તિ વધારવાનું અને સંરક્ષણ વ્યવસ્થાને દક્ષ કરવાનું સૂચન હોય છે. આ તબક્કામાં આપણે સંકલ્પબળે આપણા આ પ્રાણમય સ્વરૂપને મજબૂત, એકાગ્ર અને શાંત, સ્થિર સમતાયુક્ત અને પ્રાણશક્તિથી ભરપૂર અનુભવીએ તો તે આંદોલનો નિષ્પ્રભ થઈ જાય છે અને કોઈ પરિણામ નિપજાવી શકતા નથી.

આ પ્રકારની મજબૂત સંરક્ષણ વ્યવસ્થા નિર્માણ કરવી અને ટકાવી રાખવી એ આપણા હાથમાં જ છે. તે માટે પદ્ધતિસરનો અભ્યાસ માત્ર આત્મવિશ્વાસ અને શ્રદ્ધાથી કરવો જરૂરી છે.

રોગજંતુ આ પ્રાણમય શરીરમાં પ્રવેશે ત્યારે ચાર તબક્કા રચાય છે :

૧ પ્રથમ ઉપર કહ્યું તેમ અસ્વસ્થતાની લાગણી આપણા ચિત્તમાં ઉપજે છે. આ અવસ્થામાં તત્કાળ ઉપાય યોજના ન કરવામાં આવે તો બીજો તબક્કો શરૂ થઈ જાય છે, નહિ તો અહીં જ બંધ પડી જાય છે.

૨ થોડી મિનિટો બાદ તમને વિચિત્ર પ્રકારના માંદા પડશું એવાં સંવેદનો જાગવા માંડે છે. ક્યાંક શરીરમાં ધ્રુજારી કે ટાઢનો ચમકારો અનુભવાય છે. શરીરમાં વિસંવાદ જણાય છે. આ અવસ્થામાં પણ બહુ મોડું થએલું હોતું નથી જો દૃઢ સંકલ્પના આધારે શ્રદ્ધાયુક્ત મનથી એવો અહેસાસ જન્માવી શકો કે આ રોગો મને સ્પર્શી પણ શકતા નથી, તેઓ મને અપાય કરી જ શકતા નથી; તો આ તબક્કે પણ રોગ-નિવારણ શક્ય છે. પણ આ ઉપાય પ્રથમ તબક્કા બાદ તરત જ

પાંચ દસ મિનિટમાં કરવાનો હોય છે. તેથી મોડું કરવું એટલે રોગજંતુઓને ભૌતિક શરીરનાં સીમાડા સુધી પ્રવેશ આપવા જેવું થઈ જાય છે. સમજો આમાં પણ ગાફેલ રહ્યાં તો રોગ-જંતુઓનું જોર વધી જાય છે. છતાં રોગનિવારણ કરવાનો ઉપાય તો છે જ. પણ તે સતત પાંચ-છ કલાક સુધી કરવો પડે છે. ત્યારે પ્રથમ આંતરિક એકાગ્રતામાં પ્રવેશો. પછી તે પ્રાણમય શરીરની બધી ક્ષમતાઓને, બળોને જ્યાં વિસંવાદ અનુભવાય તે અવયવમાં બોલાવો, અનુભવો કે તે બળો ત્યાં સુધી ખરેખર પહોંચી ગયા છે, તેમણે પોતાનું સંરક્ષણાત્મક કાર્ય કરી દીધું છે અને તેઓ યશસ્વી થઈ રહ્યાં છે. વિસંવાદ અને અસ્વસ્થતાનાં સંવેદનો નબળા પડીને અંતે નાશ પામી ગયાં છે.

૪ હવે ચોથો તબક્કો શરૂ થાય છે. ત્રીજા તબક્કે પણ આપણે મોડા પડ્યાં કે યશસ્વી ન થયાં, તો ચોથો તબક્કો શરૂ થાય છે. રોગજંતુઓ ભૌતિક શરીરનાં સીમાડાઓમાં પ્રવેશી ચૂક્યા છે. શરીરમાં તાવ જેવું લાગે છે. માંદગીની શરૂઆત થઈ ગઈ છે, તેની આપણને ખાતરી થાય છે. આ માટેનો ઉપાય-યોજના થોડાક દિવસ પાંચ - સાત દિવસ કરવી પડે છે. આ વખતે જે ઉપાય-યોજના કરો તે યશસ્વી થવાની શક્યતાનો બે ઘટનાઓ ઉપર રહે છે :

૧ શરીર કેટલું ગ્રહણશીલ છે. આ ગ્રહણશીલતા જ્યારે શરીરમાં હોય છે ત્યારે શરીરમાં એકાગ્રતા અનુભવાય છે, દક્ષતા અનુભવાય છે. ચિત્ત પૂર્ણ શ્રદ્ધાયુક્ત હોય છે. હૃદયમાં ભક્તિભાવનો અથવા સમર્પણભાવનો સ્પર્શ હોય છે. આવા લક્ષણો આપણને દેખાય તો સમજજો કે આપણાં શરીરની ગ્રહણશીલતા બરાબર છે. જો શરીરમાં અસ્વસ્થતા જ અનુભવાય, મન બેબાકળું કે વિમૂઢ જણાય, આંતરિક ધ્યાન કરવા તરફ અરુચિ કે અસમર્થતા લાગે, ચિંતા જણાય, ભક્તિભાવ કે સમર્પણભાવ ન જાગે, તો સમજજો શરીર તમોગ્રસ્ત બની ગયું છે.

૨ બીજું, જે ભાગને રોગજંતુઓની અસર થઈ છે તે આ આક્રમણ સામે ઢીલું પડી ગયું હોય, ઉપર જણાવેલી આંતરિક-સ્થિતિ નિર્માણ કરવા બાબત શ્રદ્ધા ખોઈ બેઠું હોય અને હવે તો રોગનાં પરિણામો ભોગવ્યે જ છૂટકો છે, એવી રોગજંતુ સામે શરણાગતિ સ્વીકારી લીધી હોય તો તે માત્ર નિરામય થવા

ઉત્સુક નથી અથવા બળવાન નથી એમ સમજવું.

ઘણી વખત ઉપર જણાવેલા બધા કે તેમાંના થોડાં તબક્કા વ્યક્તિની જાણ બહાર થઈ જતાં હોય છે. કારણ આપણાં શરીરમાં અભાનતાની જડતા વ્યાપેલી હોય છે અને આ જડતા જ રોગજંતુને શરીરમાં પ્રવેશવા આમંત્રણ આપતી હોય છે. તેણે રોગ થવાનો જ છે એની જાણે સ્વીકૃતિ આપી દીધેલી હોય છે. ડૉકટરોની દવાઓ લેવાથી આ સ્વીકૃતિને નકારમાં ફેરવવાનાં સંકલ્પને બળ મળે છે. ડૉકટરે દવા આપી છે, હવે હું સાજો થઈ જઈશ, આ ભાવ જ તેની સારા થવાની સંકલ્પ - શક્તિને બળ પૂરું પાડે છે.

આ બધી આંતરિક પ્રક્રિયાઓને હવે વૈદ્યકીયજ્ઞાન પણ સંમતિ આપે છે. આંતરિક સંવાદમયતાની સ્વસ્થતાની લાગણી રોગ પ્રતિકાર શક્તિ વધારે છે, એવું તેઓ માન્ય રાખે છે. ઉપર જણાવેલી ઉપાય પદ્ધતિઓ અભ્યાસથી આત્મસાત્ કરી શકાય છે.

અકસ્માત નિવારવામાં પણ શરીરની જાગરૂકતા, એકાગ્રતા, ગ્રહણશીલતા મદદરૂપ થાય છે. જો પ્રાણમય શરીરને અપાય થવાથી તે બરાબર કામ ન કરી શકવાની જ્યારે અસ્વસ્થા જન્મે છે ત્યારે અકસ્માત થવાની શક્યતા વધી જાય છે. વૃદ્ધાવસ્થાને પણ આ રીતે જ ખાળી શકાય છે.

શ્રી અરવિન્દનો સ્વાતંત્ર્ય દિનનો સંદેશ (૧૫-૮-૪૭)

મારા જન્મદિને ભારતને આઝાદી મળી એ પ્રભુની મારા પ્રયત્નો ઉપર મહોર રૂપ છે. મેં પાંચ સ્વપ્ન નાનપણથી સેવ્યાં છે.

૧ - અખંડ સ્વતંત્ર ભારત.

૨ - એશિયાના દેશોને સ્વાતંત્ર્ય.

૩ - રાષ્ટ્ર-પદ્ધતિનો અંત અને વિશ્વ રાજ્યની પદ્ધતિની શરૂઆત.

૪ - વિશ્વના માનવોનું જીવનની સમસ્યાઓના ઉકેલ માટે ભારતના પ્રાચીન યોગ અને તંત્ર તરફ વળવું.

૫ - ઉત્ક્રાંતિનું આગેકદમ અને અતિમાનવનો આવિર્ભાવ.

આ પાંચે સ્વપ્ના સમયમાર્ગ ઉપર સાકાર થતાં હું જોઈ રહ્યો છું.

૯
શબ્દો

પોંડિચેરીમાં, બહાર રસ્તા પરથી મારા નિવાસની અંદર આવવાના બારણા ઉપર લટકાવેલી નાનકડી ઘંટડી રણકી ઊઠી. અંદર બેઠકરૂમમાં વાંચતી હતી તે ચોપડીમાંથી નજર બારણા તરફ ફેરવી. એક સજ્જન અંદરના બારણામાં આવીને ઊભા હતા. મારી નજર મળતાં જ હાથ જોડી ''નમસ્કાર'' બોલ્યા અને તરત પૂછ્યું : ''તમે જ સુધાબેન ?''

''હા. આવોને અંદર. બેસો.''

''મેં શ્રી અરવિન્દનાં ઘણાં પુસ્તકો વાંચ્યાં છે. ઘણું બધું સમજાતું નથી. અહીં પોંડિચેરીમાં શ્રી અરવિન્દના આશ્રમમાં પહેલી વાર આવ્યો છું. ઘણા સાધકોને મળ્યો, એમને ઘણા પ્રશ્નો પૂછ્યા, પણ હજુ ઘણું સ્પષ્ટ થતું નથી. હમણાં જ એક મિત્ર મને તમારા બારણા સુધી લઈ આવ્યા અને કહેતા ગયા : ''આ સુધાબહેનનું ઘર છે. અંદર જાઓ. તેઓ તમને મદદ કરશે.'' તો મારી વિનંતી કે તમે સ્પષ્ટ રીતે મને સમજાવો કે મારે જીવનમાં શું કરવું જોઈએ ? મારે કરવાનું શું છે ?''––––

પોતાનાં નામ, ગામ કે પોતાને વિષે કોઈ પણ વિગત જણાવવાની વિધિ કર્યા વિના તેમણે પોતાને મૂંઝવતો પ્રશ્ન સીધે સીધો કહી દીધો.

મનમાં હું વિચારી રહી : ''આમને શું કહું - કેટલું કહું ? જે સ્પષ્ટતાથી એમણે સીધો પ્રશ્ન મૂક્યો છે એવી જ સ્પષ્ટતાથી ટૂંકમાં એમને જવાબ આપવો જોઈએ.''

અને ––––

''શ્રી અરવિન્દ સાથે તમે બે પ્રકારના સંબંધ કેળવી શકો છો. તમે એમને ભગવાન તરીકે સ્વીકારો અને એમની ભક્તિ કરો. રોજ ધૂપ-દીપ કરી શકો, અગરબત્તી સળગાવીને પ્રણામ-પ્રાર્થના કરી શકો અને શક્ય તેટલું એમનું નામસ્મરણ રાખી રોજના જીવનમાં પ્રગતિ કરતા રહો.''

બીજો સંબંધ છે ગુરુ-શિષ્યનો. સૌથી પહેલાં તો તમે નિર્ણય લો કે તમારે શ્રી અરવિન્દની સાધના કરવી છે. પછી, શ્રી અરવિન્દને ગુરુ તરીકે સ્વીકારો. અને તે

પછી, તમારા ગુરુ તમને માર્ગદર્શન આપતા રહે એ પ્રમાણે સાધનાના માર્ગે આગળ ચાલો.''

''પણ શ્રી અરવિન્દની સાધના શું છે? એમાં કરવાનું શું હોય છે?''

થોડીક ક્ષણ વિચારી રહી. શું - કેવી રીતે સમજાવવું એ ગોઠવાતાં મેં એમની નજર પકડી. પૂછ્યું : ''અંગ્રેજી આવડે ને?''

''હા, બહુ ભારે અંગ્રેજી ન સમજાય, હળવી ભાષા સમજાય.''

''તો સાંભળો... ... આજ સુધી આપણા ભારતમાં, અને બહાર પણ, અનેક પ્રકારની સાધનાઓ થતી આવી છે, બરાબર? એમાં મોક્ષ - સાક્ષાત્કાર - નિર્વાણ ઇ.ને મહત્ત્વ અપાતું હોય છે. શ્રી અરવિન્દ એમની સાધનામાં જે શબ્દને મહત્ત્વ આપે છે એ શબ્દ છે TRANSFORMATION. એને માટે ગુજરાતીમાં 'રૂપાંતર' શબ્દ વાપરીએ છીએ. એનો અર્થ - ટૂંકમાં કહીએ તો - આપણે જે માનવચેતનામાં રહીએ છીએ, આપણી જે મન-પ્રાણ-શરીરની પ્રકૃતિ છે, એમાં એક ઊંચી દિવ્ય-ચેતનાને ગોઠવવાની છે. કાળક્રમે, સાધના કરતાં કરતાં માનવચેતનાનું, માનવ-પ્રકૃતિનું સમગ્ર અને સર્વાંગીણ દિવ્ય ચેતનામાં પરિવર્તન -- માનવચેતનાનો ધરમૂળ પલટો.

એટલે... ... જો તમને શ્રી અરવિન્દની સાધના કરવાનું મન થાય તો તમારે 'રૂપાંતર' શબ્દને તમારા રોજના જીવનમાં એક મંત્ર બનાવી લેવો પડે. સામાન્ય રીતે આપણે જે ક્રિયા-પ્રવૃત્તિ કરતા હોઈએ છીએ એ દરેકની સાથે આપણી ચેતના યાંત્રિક રીતે અથવા અર્ધસભાનતાપૂર્વક જોડાયેલી હોય છે. રૂપાંતરની સાધનામાં દરેક ક્રિયા-પ્રવૃત્તિ પૂરી સભાનતા સાથે અને એક ઉપરની ચેતના સાથે જોડાયેલા રહીને થવી જોઈએ.

આ કામ માટે તૈયાર થવામાં છ શબ્દો ઘણા મદદરૂપ બની શકે છે. એમને બરાબર સમજીને સાધના કરીએ તો ધીરેધીરે આપણામાં ફેરફાર થાય છે, આપણામાં આજ સુધી ન હતું એવું નવું કાંઈક ગોઠવાય છે અને આપણે થોડાક નવા બનીએ છીએ. સાધના ચાલુ રાખીએ તો ઉપરની દિવ્ય ચેતના વધુ ને વધુ આપણામાં સ્થાયી બને છે. આપણે નવા અને વધુ નવા બનતા રહીએ છીએ. સાધના ચાલે છે....''

''એ છ શબ્દો?''

''હા. એ આ છે -: Self-Observation, Self -Analysis, Self-Work.

''આ તો કશું જ સમજાતું નથી ! સહેજ સમજાવો ને ?

''અંગ્રેજી શબ્દોને આપણે ગુજરાતીમાં આમ ગોઠવીએ :

Self-Observation એટલે સ્વ-નિરીક્ષણ.

Self-Analysis એટલે સ્વ-વિશ્લેષણ.

Self-Work એટલે સ્વ-કાર્ય.

આમાં જે 'સ્વ' શબ્દ છે એને આપણા પોતાના સ્વરૂપ માટે સમજવો. આપણું સ્વરૂપ એટલે સંગઠિત બનેલાં આપણાં મન-પ્રાણ-શરીર. આ ત્રણેની પ્રકૃતિમાં દિવ્યતા લાવવાની છે, સ્થાપવાની છે. ત્રણેમાં ક્રમેક્રમે પરિવર્તન કરી રૂપાંતર સુધી પહોંચવાનું છે. કામ ધીમું છે, મુશ્કેલ છે, પણ કરવા જેવું છે.

શબ્દોને ટૂંકમાં સમજીએ ––––

Self-Observation : સ્વ-નિરીક્ષણ. શરૂ કરીએ શરીરની દરેક ક્રિયાઓના નિરીક્ષણથી. શરીરની દરેક પ્રવૃત્તિને સભાન રહીને એકાગ્રતાપૂર્વક જોતાં શીખવાનું છે. તમે પગ ઊંચકીને ચાલો છો કે પગ ઘસડીને ચાલો છો ? ચંપલ વ્યવસ્થિત કાઢીને ગોઠવો છો કે ઉતાવળમાં આડાઅવળા ફેંકો છો ? ખુરશીમાં બેસો છો ત્યારે પગ-પીઠ-ડોક બરાબર રાખો છો ? જમતી વખતે કોળિયા ઉતાવળા-ઉતાવળા લો છો કે શાંતિથી બરાબર ચાવી લીધા પછી જ બીજો કોળિયો મોઢામાં મૂકો છો ? શરીરની દરેક પ્રવૃત્તિ વખતે એમાં જે ચેતના કામ કરી રહી છે એ અંગેની સભાનતા કેળવવી ઘણી જરૂરી છે.

આ જ પ્રમાણે આપણા પ્રાણની ક્રિયાઓનું-પ્રતિભાવોનું નિરીક્ષણ થતું રહેવું જોઈએ. પ્રવૃત્તિ, પરિસ્થિતિ અને બાહ્ય ઘટનાઓ કેવા કેવા આંતરિક પ્રતિભાવ જન્માવે છે એ જોતાં રહેવું જોઈએ. આપણે સભાન હોઈએ તો સંબંધીઓ, મિત્રો, અન્ય વ્યક્તિઓ સાથેના વ્યવહારમાં નિમ્ન પ્રાણના અવગુણો પોતાનું અસ્તિત્વ બતાવી જતા દેખાય છે –– ગર્વ, ક્રોધ, લોભ, અદેખાઈ ઈત્યાદિ ઘણીવાર પોતાના સ્વભાવ બતાવી દે છે. એ પ્રમાણે પ્રાણની બીજી ઊર્ધ્વ પ્રકૃતિનાં ગુણો –– ઉદારતા, પ્રેમ, ત્યાગ, અભીપ્સા વગેરે પણ આગળ આવતા દેખાય છે,

અને વ્યવહારમાં આનંદ-મધુરતા લાવતા દેખાય છે.

છેલ્લે, મનની પ્રવૃત્તિઓનું પણ નિરીક્ષણ ઉપર પ્રમાણે થતું રહેવું જોઈએ. ભાતભાતના કેટલાય વિચારો મનમાં આવનજાવન કરતા હોય છે ! એકબીજાની સાથે કોઈ જ સંબંધ નહિ એવા વિચારો વીજળીની ઝડપથી મનમાં આવી જાય છે. એકની જગા બીજો ક્યારે લે છે એ ખબર પણ પડતી નથી. તો, આ બેકાબૂ વિચારમાળાની સક્રિયતા મનમાં ક્યાં સુધી ચાલવા દેવી છે ? એમાં ફેરફાર કેવી રીતે લાવવો ? એના ઉપર કાબૂ કેવી રીતે મેળવવો ? ---- એ સમજવા આગળ જઈએ.

Self-Analysis : **સ્વ-વિશ્લેષણ.** આપણા મન-પ્રાણ-શરીરની જે ક્રિયાઓ, જે પ્રતિભાવો સહજતાથી, સ્વાભાવિક ક્રમમાં થાય છે એ બધાંનાં ઊંડાણમાં હવે જવું પડે છે. ''હું પગ કેમ ઘસડું છું ?... ઉતાવળમાં કેમ જમું છું ? .... નોકર સાથે ગુસ્સામાં જ કેમ વાત કરું છું ?'' આ પ્રશ્નોના જવાબ માટે ''આમ કેમ.... આ રીતે જ કેમ... કેમ, કેમ ? પૂછતા રહીને એના મૂળ કારણને શોધવું પડે છે, કેમ કે એ મૂળ કારણની ચેતનામાં જ ઊંચી ચેતના ગોઠવીને પરિવર્તન લાવવાનું છે. પરિવર્તનનું કામ સમજવા હજી આગળ જઈએ.

Self-Work : **સ્વ-કાર્ય.** ન જોઈતી પણ થઈ જતી ક્રિયાનું, ન ગમતા એવા પ્રતિભાવનું મૂળ કારણ પકડાયા પછી એની ચેતનામાં ધરમૂળ પલટો લાવવા માટે કમર કસવી પડે છે. છેલ્લા મૂળ કારણમાં ઊર્ધ્વ ચેતના ગોઠવવાની છે એ સભાનતા ખસી જવા દીધા વિના સતત એકાગ્રતાપૂર્વક લાગી રહેવું એ છે સ્વ-કાર્ય. એ સ્વ-કાર્યમાં છે સ્વ-કાર્યપરાયણતા. એટલે... એ ઊર્ધ્વ ચેતના માટે અભીપ્સા રાખવી, એ ઊર્ધ્વ ચેતનાનો સંપર્ક કરવો અને એ ચેતના નીચે આવીને છેલ્લા મૂળ કારણમાં ગોઠવાય, એમાં પરિવર્તન લાવે એ માટેના પ્રયત્નો ચાલુ રાખવા જ પડે છે.

સ્વ-કાર્યપરાયણતા - જે સાધના જ છે - જેમ વધુ ને વધુ ઉત્કટ બને છે તેમ ઉપરની ચેતનાનો સંપર્ક વધતો જાય છે, મન-પ્રાણ-શરીર ઉપર એ ચેતનાની અસર થાય છે અને તમે અનુભવો છો કે તમારામાં કશુંક

બદલાઈ રહ્યું છે, કાંઈક નવું આવીને ગોઠવાતું જાય છે. તમારામાં ગોઠવાયેલી એ નવી ચેતનાને લીધે તમે અનુભવો છો કે તમે પહેલાં હતા એવા રહ્યા નથી. નવા બની રહ્યા છો એની ખાતરી થાય છે.
બદલાઈ રહ્યું છે, કાંઈક નવું આવીને ગોઠવાતું જાય છે. તમારામાં ગોઠવાયેલી એ નવી ચેતનાને લીધે તમે અનુભવો છો કે તમે પહેલાં હતા એવા રહ્યા નથી. નવા બની રહ્યા છો એની ખાતરી થાય છે.

સ્વ-કાર્યપરાયણતાના પરિણામે તમારામાં એક નવી સમજ, દૃષ્ટિ તૈયાર થશે, આખું જગત નવા સ્વરૂપે અનુભવશો. 'રૂપાંતર' શબ્દનો અર્થ વધુ ઊંડાણમાં અનુભવશો. શાંતિ-પ્રકાશ-પ્રેમ-શક્તિની અનુભૂતિઓ થશે - પાછી જશે - લાંબા સમય સુધી ટકતી થશે અને અંતે કાયમ માટે ગોઠવાઈ જશે.

એ પછી પણ આગળ તો જવાનું જ છે. ત્યારે શરીરના કોષોના રૂપાંતરની વાત, મન-પ્રાણ-શરીરની સૂક્ષ્મમાં સૂક્ષ્મ ક્રિયાઓ-ગતિઓના રૂપાંતરની વાત થોડી થોડી સમજાતી થશે.

અતિમનસ, જે મનથી ઉપરનું કોઈ બીજું મન નથી, પણ જે એક ઘણી ઊર્ધ્વ ચેતના છે, એનું અસ્તિત્વ, એનું કાર્ય જગતમાં તમને દેખાશે, તમે અનુભવશો. આખું વિશ્વ તમે બહુવિધ પ્રચંડ પરિમાણોમાં અનુભવશો.

બોલો...... થોડું કંઈક સમજાયું?''

''હા બેન. ઘણું બધું સ્પષ્ટ થયું છે બેન. આભાર.''

સજ્જન ખુરશીમાંથી ઊભા થયા, આંખો બંધ કરી નમસ્કારરૂપે હાથ જોડ્યા અને વિદાયવિધિનો એકપણ શબ્દ બોલ્યા વિના શાંતિથી નીકળી ગયા.

—— **સુધા સુન્દરમ્**

૨ જાન્યુઆરી ૨૦૧૦
પોંડિચેરી.
મોબાઈલ : ૯૪૪૩૩૭૯૬૦૯



શ્રી અરવિંદ

નૂતન ભારત શિલ્પકઃ, રાષ્ટ્ર - શિક્ષા નિર્દેશકઃ ।
પૂર્ણયોગ પ્રબોધકઃ, અતિમાનસ અવતારકઃ ॥

કલ્કિ- અવતાર

કલ્ક ખરલ રૂપ ગણ્યું, વાટી કરે એકરૂપ,
સંસ્કૃતિ, ધર્મ સંપ્રદાયના, ભાંગે વાડા ભેદરૂપ.

બધેથી સત્ય તારવે, શુદ્ધ અધ્યાત્મનો સાર,
આ કલ્કિનું કામ ગણ્યું, પુરાણોનો પણ નિર્ધાર.

સંઘર્ષ તુમુલ એ વેઠશે, તેથી હય-વાહન પ્રાણરૂપ,
શસ્ત્રાસ્ત્રોનો ખડકલો, માનવતા વિરૂપ.

એ અવસરે જાગશે, કલ્કિનો અવતાર,
તમસના વાડા એ ભાંગશે, માનવ તણો ઉદ્ધાર.

સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH